સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

WEEK 01

JANUARY-2024
31-12-23 To 06-01-24

સંપાદક
મૌલિક ગોંધિયા











સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

# Timeline

**31 DEC-2023**


➤ સુશ્રી નીના સિંઘ CISFના પ્રથમ મહિલા વડા બન્યા ..... 02
➤ ડો. પી.ઈન્દિરા દેવી પ્રતિષ્ઠિત ISAE ફેલો 2023થી સન્માનિત ..... 03
➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અયોધ્યામાં રેલવે સ્ટેશન અને એરપોર્ટનું ઉદ્ઘાટન કર્યુ ..... 03
➤ ઈલેક્ટ્રોનિક માટી (Electronic Soil) ..... 04
➤ QUESTION ANSWERS ..... 06


**01 JAN-2024**


➤ દિવસ મહિમા : 01 જાન્યુઆરી, Global Family Day ..... 07
➤ ટ્રી એમ્બ્યુલન્સ (Tree Ambulance) ..... 07
➤ ગુજરાતે સર્જ્યો સામૂહિક સૂર્ય નમસ્કારનો વિશ્વ વિક્રમ ..... 08
➤ શ્રી ડેવિડ વોર્નરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી ..... 09
➤ QUESTION ANSWERS ..... 11


**02 JAN-2024**


➤ ભારત સરકારે 16મા નાણાપંચની રચના કરી અને અધ્યક્ષ તરીકે ડો. અરવિંદ પનાગરિયા રહેશે ..... 12
➤ XPosat : ISRO ..... 17
➤ QUESTION ANSWERS ..... 19


**03 JAN-2024**


➤ મથુરાના વૃંદાવનમાં સંવિદ ગુરુકુલમ કન્યા સૈનિક શાળાનું ઉદ્ઘાટન ..... 20
➤ કિર્ગીસ્તાને હિમ ચિત્તાને તેના રાષ્ટ્રીય પ્રતિક તરીકે જાહેર કર્યુ ..... 20
➤ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોના રાષ્ટ્રપતિ તરીકે શ્રી ફેલિક્સ ત્શિસેકેડી ફરી ચૂંટાયા ..... 21
➤ જાપાનમાં ભૂકંપ અને સુનામી ..... 21
➤ QUESTION ANSWERS ..... 27


**04 JAN-2024**


➤ દિવસ મહિમા : 04 જાન્યુઆરી, વિશ્વ બ્રેઈલ દિવસ (World Braille Day) ..... 28
➤ ભારત સ્ક્વેર કિલોમીટર એરે ઓબ્ઝર્વેટરી (SKAO)માં જોડાયું ..... 28
➤ ભારતનું સ્ટીલ ક્ષેત્ર (Steel Sector of India) ..... 29
➤ સાવિત્રીબાઈ ફૂલે જન્મજયંતિ ..... 30
➤ QUESTION ANSWERS ..... 32


**05 JAN-2024**


➤ ડેઝર્ટ સાયક્લોન 2024 : ભારત - યુએઈ ..... 33
➤ બક્સા ટાઈગર રિઝર્વ : પશ્ચિમ બંગાળ ..... 33
➤ 'Why Bharat Matters' પુસ્તક ..... 34
➤ QUESTION ANSWERS ..... 35


**06 JAN-2024**


➤ દિવસ મહિમા : 06 જાન્યુઆરી, વિશ્વ યુદ્ધ અનાથ દિવસ ..... 36
➤ આશા માદા ચિત્તાએ કૂનો નેશનલ પાર્કમાં ત્રણ બચ્ચાને જન્મ આપ્યો ..... 36
➤ ગીબ સાથે શાંતિ કરાર (Peace Agreement With ULFA) ..... 38
➤ ક્રિકેટના ઈતિહાસની સૌથી ટૂંકી ટેસ્ટમાં ભારતનો વિજય ..... 39
➤ QUESTION ANSWERS ..... 40

ONE LINER ..... 41
QUESTION OF THIS WEEK ..... 48


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુશ્રી નીના સિંઘ CISFના પ્રથમ મહિલા વડા બન્યા

ભારતીય પોલીસ સેવાના વરિષ્ઠ અધિકારી સુશ્રી નીના સિંઘે તાજેતરમાં સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (CISF)ના ડાયરેક્ટર જનરલ (DG) તરીકેનો ચાર્જ સંભાળ્યો છે.



- આ સાથે તેઓ આ પદ પર નિયુક્ત થનાર પ્રથમ મહિલા વડા બન્યા છે.

### સુશ્રી નીના સિંઘ

સુશ્રી નીના સિંઘનો જન્મ 11 જુલાઈ, 1964ના રોજ બિહારના પટના ખાતે થયો હતો.

- સુશ્રી નીના સિંઘ રાજસ્થાન કેડરના 1989 બેચના IPS અધિકારી છે.
- તેઓ રાજસ્થાનના ઈતિહાસમાં પ્રથમ મહિલા IPS અધિકારી હતા.
- તેઓ રાજસ્થાન અને કેન્દ્ર સરકારના ઘણા વિભાગોમાં પણ મહત્ત્વના હોદ્દા પર રહી ચૂક્યા છે.
- તેમણે રાજસ્થાનમાં ADG (તાલીમ) અને DG, રાજ્ય મહિલા આયોગ, નાગરિક અધિકારો અને માનવ તસ્કરી વિરોધી એકમમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.
- તેમણે 2013-18 દરમિયાન CBIમાં જોઈન્ટ ડાયરેક્ટર તરીકે પણ સેવા આપી હતી. જ્યાં તેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અસરો સાથે અનેક હાઈ-પ્રોફાઈલ કેસોની તપાસ કરી હતી.
- 2021 થી CISFમાં કાર્યરત સુશ્રી નીના સિંઘ 31 જુલાઈ, 2024 સુધી DGના પદ પર રહેશે.
- સુશ્રી નીના સિંઘને મેરીટોરીયસ સર્વિસ માટે રાષ્ટ્રપતિ પોલીસ મેડલ અને ઈન્દિરા ગાંધી પ્રિયદર્શની એવોર્ડ સહિત અનેક સન્માન મળ્યા છે.

### CISF

CISFનું પૂરું નામ 'સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ' છે.

- CISF એ ગૃહ મંત્રાલય હેઠળની વિશેષ ભારતીય સંઘીય પોલીસ સંસ્થા છે.
- તેની સ્થાપના વર્ષ 1969માં કરવામાં આવી હતી.
- તે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોમાંનું એક છે જે મુખ્ય રાષ્ટ્રીય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું રક્ષણ કરે છે.
- CISF સમગ્ર ભારતમાં 356 થી વધુ ઔદ્યોગિક એકમો અને સાઈટ્સને સુરક્ષા કવચ પૂરું પાડે છે.
- તેમાં પરમાણુ પાવર પ્લાન્ટ્સ, અવકાશ સંસ્થાઓ, એરપોર્ટ, પાવર પ્લાન્ટ્સ, સંવેદનશીલ સરકારી ઈમારતો અને હેરિટેજ સ્મારકોનો પણ સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- દિલ્હી મેટ્રો અને એરપોર્ટ ઉપરાંત ભારતના 13 મોટા બંદરો પણ CISFની સુરક્ષા છત્ર હેઠળ છે.
- આ ઉપરાંત તે ઔદ્યોગિક કંપનીઓ, સંસ્થાઓ અને VIPને પણ સુરક્ષા પૂરી પાડે છે.

## ડો. પી.ઈન્દિરા દેવી પ્રતિષ્ઠિત ISAE ફેલો 2023થી સન્માનિત



કેરળના જાણીતા કૃષિ અર્થશાસ્ત્રી ડો. પી.ઈન્દિરા દેવીને ઈન્ડિયન સોસાયટી ઓફ એગ્રીકલ્ચરલ ઈકોનોમિક્સ (ISAE) દ્વારા 'ISAE ફેલો 2023'નું વિશિષ્ટ ટાઈટલ એનાયત કરવામાં આવ્યું હતું.

- આ સન્માન કૃષિ સંશોધન, નીતિ નિર્માણ અને અધ્યાપન ક્ષેત્રે ત્રણ દાયકા કરતા વધુ સમયના તેમના અગ્રણી યોગદાનને પ્રકાશિત કરે છે.
- હાલમાં ડો. ઈન્દિરા દેવી કેરળ રાજ્ય ખેડૂત કલ્યાણ બોર્ડના નિયામક તરીકે સેવા આપે છે અને કેરળ કૃષિ યુનિવર્સિટીમાં ICAR એમેરિટસ પ્રોફેસર છે.
- તેમની પાસે કૃષિ અર્થશાસ્ત્ર, ગ્રામીણ વિકાસ અને વિસ્તરણ પ્રવૃત્તિઓમાં મુખ્ય ભૂમિકામાં કામ કરવાની પ્રસિદ્ધ પૃષ્ઠભૂમિ છે.

**નોંધ :** ISAE ફેલો સન્માન એ 1939માં સ્થપાયેલી ભારતની અગ્રણી કૃષિ અર્થશાસ્ત્ર સોસાયટી દ્વારા આપવામાં આવેલી વ્યાવસાયિક સિદ્ધિઓના શિખરનું પ્રતિનિધિત્વ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અયોધ્યામાં રેલવે સ્ટેશન અને એરપોર્ટનું ઉદ્‌ઘાટન કર્યુ



તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અયોધ્યામાં રેલવે સ્ટેશન અને આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

- આ પ્રસંગે તેમણે 2 અમૃત ભારત અને 6 વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને પણ લીલી ઝંડી બતાવી હતી.
- સત્તાવાર માહિતી અનુસાર પુનઃવિકસિત અયોધ્યા રેલવે સ્ટેશનનો પ્રથમ તબક્કો 240 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે વિકસાવવામાં આવ્યો છે.

### અયોધ્યા ધામ જંકશન રેલવે સ્ટેશન



અયોધ્યા રેલવે સ્ટેશનનું નામ બદલીને 'અયોધ્યા ધામ જંકશન' કરવામાં આવ્યું છે.

- આ રેલવે સ્ટેશન પર મુસાફરોને તમામ આધુનિક સુવિધાઓ મળશે.
- અયોધ્યા ધામ જંકશન ત્રણ માળનું આધુનિક રેલવે સ્ટેશન છે.

- આ રેલવે સ્ટેશન બિલ્ડિંગમાં લિફ્ટ, એસ્કેલેટર, ફૂડ પ્લાઝા, પૂજા જરૂરિયાતો માટેની દુકાનો, ક્લોકરૂમ, ચાઈલ્ડ કેર રૂમ, વેઈટિંગ હોલ જેવી તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ છે.
- તે 'બધા માટે સુલભ' અને 'IGBC પ્રમાણિત ગ્રીન સ્ટેશન બિલ્ડિંગ' હશે.

## મહર્ષિ વાલ્મિકી ઈન્ટરનેશનલ એરપોર્ટ

અયોધ્યા રેલવે સ્ટેશન બાદ અયોધ્યા એરપોર્ટનું પણ નામ બદલવામાં આવ્યું છે.



- અયોધ્યા એરપોર્ટનું નામ બદલીને 'મહર્ષિ વાલ્મિકી ઈન્ટરનેશનલ એરપોર્ટ અયોધ્યા ધામ' કરવામાં આવ્યું છે.
- અત્યાર સુધી આ એરપોર્ટ મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ ઈન્ટરનેશનલ એરપોર્ટ તરીકે ઓળખાતું હતું.
- આ એરપોર્ટ LED લાઈટિંગ, વરસાદી પાણીનો સંગ્રહ, સૌર ઊર્જા અને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સહિતની અગ્રણી ટકાઉતા સુવિધાઓ તથા ટર્મિનલને GRIHA-5 સ્ટાર રેટિંગ સુનિશ્ચિત કરે છે, જે પર્યાવરણીય જાગૃતિને પ્રોત્સાહન આપે છે.
- અયોધ્યા એરપોર્ટનો પ્રથમ તબક્કો રૂ.1,450 કરોડથી વધુના ખર્ચ સાથે પૂર્ણ થયો છે.
- 6,500 ચોરસ મીટર ટર્મિનલ બિલ્ડિંગ વાર્ષિક 10 લાખ મુસાફરોને હેન્ડલ કરી શકે છે.
- પ્રથમ તબક્કામાં રનવેની લંબાઈ 2,250 મીટર છે, જેને બીજા તબક્કામાં વધારીને 3,125 મીટર અને ત્રીજા તબક્કામાં વધુ 625 મીટર કરવામાં આવશે.
- ટર્મિનલ બિલ્ડિંગનું નિર્માણ ભગવાન શ્રીરામ મંદિરના મંદિર સ્થાપત્યને પ્રતિબિંબિત કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈલેક્ટ્રોનિક માટી (Electronic Soil)

તાજેતરમાં સ્વિડનની લિંકોપિંગ યુનિવર્સિટીના સંશોધકોએ 'ઈલેક્ટ્રોનિક સોઈલ' (e-Soil) વિકસાવી છે.

- ઈલેક્ટ્રોનિક માટી અથવા ઈલેક્ટ્રોનિક સોઈલ હાઈડ્રોપોનિક વિસ્તારોમાં છોડના વિકાસને ઝડપી બનાવી શકે છે.

### ઈલેક્ટ્રોનિક માટી શું છે ?

ઈલેક્ટ્રોનિક માટી (e-Soil) એ એક નવું પ્રવાહકીય કૃષિ ક્રિયાધર (Substrate) છે.

- જે ખાસ કરીને હાઈડ્રોપોનિક સિસ્ટમ માટે રચાયેલ છે.

- ઈલેક્ટ્રોનિક માટી સામાન્ય જમીન કરતા વધુ ફળદ્રુપ છે અને તેથી છોડ ઝડપથી વધે છે.
- તે પાણી આધારિત પોષક દ્રાવણનો ઉપયોગ કરીને માટી વિના છોડ ઉગાડવાની પદ્ધતિ છે.
- e-Soil એ સેલ્યુલોઝ અને વાહક પોલિમર (PEDOT)માંથી મેળવવામાં આવેલ ઈલેક્ટ્રિકલી વાહક વૃદ્ધિ સબસ્ટ્રેટ છે. જે બાયોડિગ્રેડેબલ અને પર્યાવરણને અનુકૂળ બંને સામગ્રી છે.
- તે છોડના મૂળ અને વૃદ્ધિના વાતાવરણને ઓછી શક્તિ સાથે ઉત્તેજિત કરે છે, તથા પરંપરાગત પદ્ધતિઓનો સુરક્ષિત અને પર્યાવરણને અનુકૂળ વિકલ્પ પૂરો પાડે છે.

## મહત્ત્વ

ઈ–સોઈલ નોંધપાત્ર રીતે ઓછા ઊર્જા વપરાશનો લાભ આપે છે અને ઉચ્ચ–વોલ્ટેજ સિસ્ટમો સાથે સંકળાયેલા જોખમોને દૂર કરે છે.

- ઈ–સોઈલનું મહત્ત્વ છોડના વિકાસને વધારવાની તેની ક્ષમતામાં રહેલું છે, કારણ કે એક અભ્યાસ દર્શાવે છે કે આ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને હાઈડ્રોપોનિક સિસ્ટમમાં ઉગાડવામાં આવતા જવના છોડનો વિકાસ દર 50% વધ્યો છે.
- ઈ–સોઈલ સાથે જોડાયેલી હાઈડ્રોપોનિક્સ પ્રણાલીઓ વૈશ્વિક ખાદ્ય જરૂરિયાતોને પહોંચી વળવામાં સંભવિતપણે મદદ કરી શકે છે, ખાસ કરીને શહેરી વાતાવરણમાં જ્યાં મર્યાદિત ખેતીલાયક જમીન છે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં 'સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ' (CISF)ના પ્રથમ મહિલા ડાયરેક્ટર જનરલ (DG) કોણ બન્યું છે ?

(A) સુશ્રી અવની શાહ (B) સુશ્રી નીના સિંઘ

(C) સુશ્રી માધૂરી મિણા (D) સુશ્રી ઉર્વશી પંડ્યા **(B)**

2. 'સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યોરિટી ફોર્સ' (CISF) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે ગૃહ મંત્રાલય હેઠળની વિશેષ ભારતીય સંઘીય સંસ્થા છે.
2. તેની સ્થાપના વર્ષ 1969માં કરવામાં આવી હતી.
3. તે પરમાણુ પાવર પ્લાન્ટ્સ, અવકાશ સંસ્થાઓ, એરપોર્ટ, 13 મોટા મહાબંદરો સહિત સંવેદનશીલ સરકારી ઈમારતો અને ઔદ્યોગિક એકમોની સુરક્ષા કરે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

3. તાજેતરમાં પ્રતિષ્ઠિત 'ISAE ફેલો 2023'થી નીચેના પૈકી કોને સન્માનિત કરવામાં આવ્યા છે ?

(A) ડો. પી.ઈન્દિરા દેવી (B) ડો. અરૂણા ગુપ્તા (C) ડો. પ્રવીણ પવાર (D) એકપણ નહીં **(A)**

4. તાજેતરમાં અયોધ્યા રેલવે સ્ટેશનનું નામ બદલી શું રાખવામાં આવ્યું છે ?

(A) ભગવાન શ્રી રામ રેલવે સ્ટેશન (B) અયોધ્યા ધામ જંક્શન

(C) અયોધ્યા નગરી રેલવે જંક્શન (D) શ્રીરામ રેલવે સ્ટેશન–અયોધ્યા **(B)**

5. તાજેતરમાં નીચેના પૈકી કયા એરપોર્ટનું નામ બદલીને 'મહર્ષિ વાલ્મિકી ઈન્ટરનેશનલ એરપોર્ટ' રાખવામાં આવ્યું છે ?

(A) પ્રયાગરાજ (B) વારાણસી (C) ઉજ્જૈન (D) અયોધ્યા **(D)**

6. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ઈલેક્ટ્રોનિક માટી' (e-Soil) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તે એક નવું પ્રવાહકીય કૃષિ ક્રિયાધર (Substrate) છે. જે ખાસ કરીને હાઈડ્રોપોનિક સિસ્ટમ માટે રચાયેલ છે.

(B) તે સેલ્યુલોઝ અને વાહક પોલિમર (PEDOT)માંથી મેળવવામાં આવેલ ઈલેક્ટ્રિકલી વાહક વૃદ્ધિ સબસ્ટ્રેટ છે.

(C) આ પદ્ધતિથી છોડ ઝડપથી વધે છે.

(D) ઉપરોક્ત તમામ સાચા છે. **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 01 જાન્યુઆરી, Global Family Day




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 1 જાન્યુઆરીના રોજ 'વૈશ્વિક પરિવાર દિવસ' અથવા 'Global Family Day' તરીકે ઉજવણી કરવામાં આવે છે.

- 'વૈશ્વિક પરિવાર દિવસ'ને વૈશ્વિક શાંતિ દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ પરિવારના લોકોને એક સાથે લાવવા અને સંયુક્ત સમાજની રચના કરવાનો છે.
- વર્ષ 1997માં સંયુક્ત રાષ્ટ્રએ 'વૈશ્વિક પરિવાર દિવસ'ની ઉજવણીની ઘોષણા કરી હતી.
- નવા વર્ષની શરૂઆત સાથે જ લોકો તેમના પરિવારને સંપૂર્ણ દિવસ આપીને આ દિવસની ઉજવણી કરે છે.

## ટ્રી એમ્બ્યુલન્સ (Tree Ambulance)

તાજેતરમાં દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના બગાયત વિભાગે દિલ્હીમાં તેની 'ટ્રી એમ્બ્યુલન્સ'નું વિસ્તરણ કરવાની યોજના બનાવી છે.

- જેનું લક્ષ્ય વર્ષ 2024 સુધીમાં વર્તમાન સંખ્યાને ત્રણ ગણું કરીને 12 કરવાનું છે.
- 12 વહીવટી પ્રદેશોમાંથી પ્રત્યેકને એક ટ્રી એમ્બ્યુલન્સ સોંપવામાં આવશે, જે સમયાંતરે કાર્યક્ષમ વૃક્ષોની સંભાળ માટે શહેરની ક્ષમતામાં વધારો કરશે.

### ટ્રી એમ્બ્યુલન્સ શું છે ?



ટ્રી એમ્બ્યુલન્સ એ 'સેવ ધ અર્થ'ના વિઝન સાથે 'વૃક્ષો બચાવો'ને સમર્થન આપવા માટે શરૂ કરાયેલ એક પહેલ છે.

- ટ્રી એમ્બ્યુલન્સના પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન ભારતના ઉપરાષ્ટ્રપતિ દ્વારા જૈવિક વિવિધતા માટેના આંતરરાષ્ટ્રીય દિવસ, 2019 (22 મે ના રોજ)ના અવસરે ચેન્નાઈમાં કરવામાં આવ્યું હતું.
- ટ્રી એમ્બ્યુલન્સ વનસ્પતિશાસ્ત્રીઓ, વનસંવર્ધન નિષ્ણાતો, માળીઓ, સ્વયંસેવકો અને વૃક્ષ સર્જનો દ્વારા ચલાવવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેમજ રોગગ્રસ્ત વૃક્ષો અને છોડને બચાવવા માટે મદદની વિનંતી કરતી હેલ્પલાઈન પર કોલ કરનારાઓને મફત સેવાઓ પૂરી પાડે છે.

## ઉદ્દેશ્ય

ટ્રી એમ્બ્યુલન્સના ઉદ્દેશ્ય નીચે મુજબ છે :

(a) આ પહેલ ચેન્નાઈ સ્થિત પર્યાવરણવાદી કે.અબ્દુલ ગની દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવી હતી, જેઓ 'ભારતના ગ્રીન મેન' તરીકે ઓળખાય છે.

(b) વરદા અને ગાજા વાવાઝોડાને કારણે નાશ પામેલા વૃક્ષોને ફરીથી વાવીને આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવાના ઉદ્દેશ્ય સાથે આ પહેલ શરૂ કરવામાં આવી હતી.

(c) ટ્રી એમ્બ્યુલન્સને ફર્સ્ટ એઈડ ટ્રીટમેન્ટ, સીડ બેંકિંગ, સીડ બોલ વિસ્તરણ, ઉખડી ગયેલા વૃક્ષો માટે વૃક્ષા રોપણ, રોપા વિતરણ, વૃક્ષારોપણમાં સહાય, વૃક્ષોનું સ્થળાંતર અને વૃક્ષોનું સર્વેક્ષણ તથા મૃત વૃક્ષો દૂર કરવા જેવી સેવાઓ પ્રદાન કરવા માટેનું પણ કામ સોંપવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) બિનઆરોગ્યપ્રદ છોડની સારવાર કરીને સમગ્ર ભારતમાં ટ્રી એમ્બ્યુલન્સ સેવાઓ શરૂ કરવામાં આવી રહી છે.

(2) આ કાર્ય 'શહેરી ગરીમી ટાપુઓ'ને ઘટાડીને ભારતના શહેરોમાં ગરમી ઘટાડવામાં મદદ કરી રહ્યું છે.

(3) ટ્રી એમ્બ્યુલન્સ પણ જૈવવિવિધતાના સંરક્ષણમાં ભૂમિકા ભજવી રહી છે.

## ગુજરાતે સર્જ્યો સામૂહિક સૂર્ય નમસ્કારનો વિશ્વ વિક્રમ



1 જાન્યુઆરી, 2024ના રોજ ગુજરાતમાં એક સાથે 108 સ્થળોએ કુલ 50 હજારથી વધુ લોકોએ સામૂહિક સૂર્ય નમસ્કાર દ્વારા 2024ના વર્ષનો ભારતનો પ્રથમ રેકોર્ડ 'ગિનિસ વર્લ્ડ રેકોર્ડ'માં નોંધાવવાની જ્વલંત સિદ્ધિ હાંસલ કરી છે.

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રમત ગમત રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં મહેસાણા જિલ્લાના પ્રાચીન સૂર્યમંદિર મોઢેરાના પરિસરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સામૂહિક સૂર્ય નમસ્કારના રાજ્ય કક્ષાના કાર્યક્રમનું આયોજન સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું.

- આ ઉપરાંત રમત–ગમત અને યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા રાજ્યવ્યાપી સૂર્ય નમસ્કાર સ્પર્ધાઓ ગ્રામ્ય, તાલુકા, જિલ્લા અને નગર–મહાનગર કક્ષાએ એક માસ સુધી સૂર્ય નમસ્કાર અભિયાન અંતર્ગત યોજવામાં આવી હતી.
- નોંધનીય છે કે રાજ્યકક્ષાના વિજેતાઓને અનુક્રમે 2.50 લાખ, 1.75 લાખ અને 1 લાખનું ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## શ્રી ડેવિડ વોર્નરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

તાજેતરમાં ઓસ્ટ્રેલિયાના વિસ્ફોટક ઓપનર શ્રી ડેવિડ વોર્નરે વન–ડે અને ટેસ્ટ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે.

- જોકે હાલ તે T-20 રમત ચાલુ રાખશે, પરંતુ તેમણે જણાવ્યું હતું કે આગામી T-20 વર્લ્ડ કપ આખરી ટુર્નામેન્ટ હશે.
- આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે જો તેનું ફોર્મ સારૂ હોય અને ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડ ઈચ્છતું હોય તો 2025માં રમનાર ચેમ્પિયન્સ ટ્રોફી રમવા માટે તૈયાર રહેશે.
- અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત વિરુદ્ધ રમાયેલી વર્લ્ડ કપની ફાઈનલ મેચ તેમની કારકિર્દીની આખરી વન–ડે મેચ ગણાશે.
- તથા હાલ પાકિસ્તાન સામે ચાલી રહેલી ટેસ્ટ તેમની આખરી ટેસ્ટ મેચ ગણાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શ્રી ડેવિડ વોર્નર




શ્રી ડેવિડ વોર્નરનો જન્મ 27 ઓક્ટોબર, 1986ના રોજ પૂર્વ સિડનીના પેન્ડિંગ્ટનમાં થયો હતો.

- તેમનું પૂરું નામ ડેવિડ એન્ડ્રુ વોર્નર છે.
- શ્રી ડેવિડ વોર્નરે 11 જાન્યુઆરી, 2009ના રોજ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સાઉથ આફ્રિકા સામેની T-20 ઈન્ટરનેશનલ મેચમાં ઓસ્ટ્રેલિયા માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો.
- વન–ડેમાં 18 જાન્યુઆરી, 2009ના રોજ દક્ષિણ આફ્રિકા સામે ડેબ્યૂ કર્યુ હતું.
- જ્યારે ટેસ્ટમાં 1 ડિસેમ્બર, 2011ના રોજ ન્યૂઝિલેન્ડ સામે ડેબ્યૂ કર્યુ હતું.
- તેમણે કુલ 161 વન–ડે મેચમાં 6,932 રન ફટકાર્યા છે. તથા 111 ટેસ્ટ મેચમાં 8,786 રન ફટકાર્યા છે.

- તેમણે ટેસ્ટમાં 26 અને ODI (વન–ડે)માં 22 સદી નોંધાવી છે.
- ડેવિડ વોર્નરે 2017માં 128 બોલમાં 179 રન પાકિસ્તાન સામે ફટકાર્યા હતા. તે તેનો સર્વોચ્ચ વન–ડે સ્કોર છે.
- તેઓ હાલ IPLમાં દિલ્હી કેપિટલ્સ માટે રમે છે. આ ઉપરાંત અગાઉ સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી પણ રમી ચૂક્યા છે.
- નોંધનીય છે કે તેઓ ડાબા હાથે બેટિંગ કરે છે.



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. કયા દિવસના રોજ 'વૈશ્વિક પરિવાર દિવસ' અથવા 'Global Family Day' તરીકે ઉજવણી કરવામાં આવે છે ?

(A) 1 જાન્યુઆરી (B) 2 જાન્યુઆરી (C) 3 જાન્યુઆરી (D) 4 જાન્યુઆરી (A)

2. તાજેતરમાં નીચેના પૈકી કયા રાજ્ય અથવા કેન્દ્ર શાસિત પ્રદેશે 'Tree Ambulance'નું વિસ્તરણ કરવાની યોજના બનાવી છે ?

(A) દિલ્હી (B) પુડુચેરી (C) સિક્કિમ (D) રાજસ્થાન (A)

3. મે 2019માં ભારતની પ્રથમ 'ટ્રી એમ્બ્યુલન્સ' ______ માં શરૂ કરવામાં આવી હતી.

(A) ચેન્નાઈ (B) હૈદરાબાદ (C) બેંગ્લુરુ (D) ભોપાલ (A)

4. નીચેના પૈકી કઈ વ્યક્તિ 'ગ્રીન મેન ઓફ ઈન્ડિયા' તરીકે ઓળખાય છે ?

(A) ડો. આસિફ દુરાની (B) ડો. પ્રદિપ વૈશ્નવ

(C) ડો. અબ્દુલ ગની (D) ડો. સંજય ગડકરી (C)

5. તાજેતરમાં કયા રાજ્યમાં 50 હજારથી વધુ લોકોએ 'સામૂહિક સૂર્ય નમસ્કાર' કરી ગિનિસ વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો હતો ?

(A) મહારાષ્ટ્ર (B) ગુજરાત (C) તમિલનાડુ (D) હરિયાણા (B)

6. તાજેતરમાં શ્રી ડેવિડ વોર્નરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. તેઓ કયા દેશના પ્રસિદ્ધ બેટ્સમેન છે ?

(A) ન્યૂઝિલેન્ડ (B) ઈંગ્લેન્ડ (C) દક્ષિણ આફ્રિકા (D) ઓસ્ટ્રેલિયા (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત સરકારે 16મા નાણાપંચની રચના કરી અને અધ્યક્ષ તરીકે ડો. અરવિંદ પનાગરિયા રહેશે

તાજેતરમાં ભારત સરકારે ભારતના રાષ્ટ્રપતિની મંજૂરીથી બંધારણના અનુચ્છેદ-280(1)ના અનુસંધાનમાં સોળમાં નાણા પંચની રચના કરી છે.

- નીતિ આયોગના ભૂતપૂર્વ ઉપાધ્યક્ષ અને પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી ડો. અરવિંદ પનાગરિયા 16મા નાણાપંચના અધ્યક્ષ રહેશે.
- જ્યારે 16મા નાણાપંચના સભ્યોને અલગથી સૂચિત કરવામાં આવશે.
- તથા શ્રી ઋત્વિક રંજનમ પાંડેની નાણાપંચના સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- ડિસેમ્બર, 2023માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રી મંડળે 16મા નાણા પંચ માટે સંદર્ભની શરતોને મંજૂરી આપી હતી.
- આ કમિશન 1 એપ્રિલ, 2026થી શરૂ થતા આગામી 5 વર્ષના સમયગાળા માટે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે આવકની વહેંચણી માટે સૂત્રની ભલામણ કરવાની મહત્ત્વપૂર્ણ જવાબદારી ધરાવે છે.
- નોંધનીય છે કે 15માં નાણાપંચની રચના 27 નવેમ્બર, 2017ના રોજ કરવામાં આવી હતી.
- તેમણે તેના વચગાળાના અને અંતિમ અહેવાલો 1 એપ્રિલ, 2020થી શરૂ થતા છ વર્ષના સમયગાળાને આવરી લેતી ભલામણો કરી હતી.
- 15માં નાણા પંચની ભલામણો નાણાકીય વર્ષ 2025-26 સુધી માન્ય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શ્રી અરવિંદ પનાગરિયા



શ્રી અરવિંદ પનાગરિયાનો જન્મ 30 સપ્ટેમ્બર, 1952ના રોજ રાજસ્થાનના ભીલવાડા ખાતે થયો હતો.

- તેઓ પ્રસિદ્ધ ભારતીય–અમેરિકન અર્થશાસ્ત્રી છે.
- તેઓ હાલમાં કોલંબિયા યુનિવર્સિટી, યુએસમાં ભારતીય રાજકીય અર્થતંત્રના પ્રોફેસર છે.
- તેમણે જાન્યુઆરી 2015 થી 31 ઓગસ્ટ, 2017 સુધી નીતિ આયોગના પ્રથમ ઉપાધ્યક્ષ તરીકે સેવા આપી હતી.

- અર્થશાસ્ત્ર અને જાહેર નીતિના ક્ષેત્રમાં તેમના યોગદાન બદલ તેમને વર્ષ 2012માં ભારત સરકાર દ્વારા 'પદ્મ ભૂષણ' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## 16માં નાણાં પંચ માટે સંદર્ભની શરતો શું છે ?

નાણા પંચ નીચેની બાબતો પર ભલામણ કરશે :

### કર કાર્યવાહીનું વિભાજન

બંધારણના પ્રકરણ 1, ભાગ-12 હેઠળ કેન્દ્ર સરકાર અને રાજ્યો વચ્ચે કરના વિતરણની ભલામણ કરવી.

- તેમાં ટેક્સની આવકમાંથી રાજ્યો વચ્ચે શેરની ફાળવણીનો સમાવેશ થાય છે.

### ગ્રાન્ટ ઈન સહાયના સિદ્ધાંતો

ભારતના સંકલિત ભંડોળોમાંથી રાજ્યોને અનુદાન–સહાયનું સંચાલન કરતા સિદ્ધાંતો સ્થાપિત કરવા.

- તેમાં ખાસ કરીને બંધારણના અનુચ્છેદ 275ના હેઠળના ખંડ(1)ની જોગવાઈઓમાં ઉલ્લેખિત ઉદ્દેશ્યથી અલગ ઉદ્દેશ્ય માટે રાજ્યોને ગ્રાન્ટ–ઈન–એઈડ તરીકે પ્રદાન કરવાની રકમ નક્કી કરવાનો સમાવેશ થાય છે.

### સ્થાનિક સંસ્થાઓ માટે રાજ્ય ભંડોળમાં વધારો

રાજ્યના એકીકૃત ભંડોળને વધારવાના પગલાની ઓળખ કરવી

- તેનો ઉદ્દેશ્ય રાજ્યના પોતાના નાણાં પંચ દ્વારા કરાયેલી ભલામણોના આધારે રાજ્યની અંદરની પંચાયતો અને નગરપાલિકાઓને ઉપલબ્ધ સંસાધનોની પૂર્તિ કરવાનો છે.

### આપત્તિ વ્યવસ્થાપન ધિરાણનું મૂલ્યાંકન

કમિશન આપત્તિ વ્યવસ્થાપન પહેલ સંબંધિત વર્તમાન ધિરાણ માળખાની સમીક્ષા કરી શકે છે.

- તેમાં આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, 2005 હેઠળ બનાવેલા ભંડોળની તપાસ અને સુધારાઓ અથવા ફેરફારો માટે યોગ્ય ભલામણો સબમિટ કરવાનો સમાવેશ થાય છે.

**નોંધ :** કમિશન 1 એપ્રિલ, 2026ના રોજ શરૂ થતા પાંચ વર્ષના સમયગાળાને આવરી લેતા 31 ઓક્ટોબર, 2025 સુધીમાં તેનો અહેવાલ ઉપલબ્ધ કરાવશે.

## નાણા પંચ (Finance Commission)

નાણાં પંચ એ એક બંધારણીય સંસ્થા છે.

- બંધારણના ભાગ 12માં અનુચ્છેદ 280 હેઠળ નાણાં પંચની જોગવાઈ કરવામાં આવી છે.
- સામાન્ય રીતે દર 5 વર્ષે રાષ્ટ્રપતિ દ્વારા નાણાં પંચની નિમણૂક કરવામાં આવે છે.
- નાણાં પંચમાં 1 અધ્યક્ષ અને 4 અન્ય સભ્યો મળીને કુલ 5 સભ્યો હોય છે.

**અધ્યક્ષ અને સભ્યોની લાયકાત**

- બંધારણના અનુચ્છેદ 280(2) અનુસાર નાણાં પંચના અધ્યક્ષ અને સભ્યોની લાયકાત નક્કી કરવાની સત્તા સંસદને છે. સંસદ દ્વારા નક્કી કરવામાં આવેલી નાણાં પંચના અધ્યક્ષ અને સભ્યોની લાયકાત આ પ્રમાણે છે :

**નાણાં પંચના અધ્યક્ષ અને સભ્યોની લાયકાત**

- → નાણાં પંચના અધ્યક્ષ બનવા માટે વ્યક્તિ પાસે સાર્વજનિક કાર્યોનો અનુભવ હોવો જોઈએ તથા સભ્યો પાસે નીચે મુજબની લાયકાત હોવી જોઈએ :
- → તેઓ કોઈ હાઈકોર્ટના ન્યાયાધીશ હોય અથવા રહી ચૂકયા હોય અથવા બનવાની લાયકાત ધરાવતા હોવા જોઈએ.
- → તેમને સરકારના ખાતા (Account) અને નાણાકીય બાબતો વિશેનું જ્ઞાન હોવું જોઈએ.
- → તેઓ આર્થિક બાબતોમાં તજજ્ઞ હોવા જોઈએ.
- → તેમને આર્થિક બાબતો અંગેનો અનુભવ હોવો જોઈએ.

## અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક

નાણાં પંચના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક 5 વર્ષ માટે રાષ્ટ્રપતિ કરે છે.

## અધ્યક્ષ અને સભ્યોના વેતન અને ભથ્થાં

નાણાં પંચના અધ્યક્ષ અને સભ્યોના વેતન અને ભથ્થાં સંસદની મંજૂરીથી રાષ્ટ્રપતિ નક્કી કરે છે.

## નાણાં પંચના કાર્યો અને સત્તાઓ : [અનુચ્છેદ 280(3)]

ભારતમાં કેન્દ્રીય નાણાં પંચના મુખ્ય કાર્યો અને સત્તાઓ આ પ્રમાણે છે :

(a) ભારતની સંચિત નિધિમાંથી રાજ્યોને અનુદાન આપવા માટે નિયમો નક્કી કરે છે.

(b) અનુચ્છેદ 280(3)(A) મુજબ કર (TAX) દ્વારા પ્રાપ્ત થતી કુલ આવકનું કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વિતરણ કરવું.

(c) અનુચ્છેદ 280(3)(B) મુજબ ભારતની સંચિત નિધિમાંથી રાજ્યોને સહાયક અનુદાન આપવા કયા સિદ્ધાંત પાળવા તેની ભલામણ કરવી.

(d) અનુચ્છેદ 280(3)(B)(b) અંતર્ગત રાજ્ય નાણાં પંચ દ્વારા કરવામાં આવેલી ભલામણોના આધારે રાજ્યોમાં પંચાયતોના સાધનોની પૂરતી કરવા રાજ્યની સંચિત નિધિ અથવા તો એકત્રિત ફંડ કે એકીકૃત ભંડોળ (Consolidated Fund)માં વૃદ્ધિ કરવા જરૂરી પગલાં લેવા.

(e) અનુચ્છેદ 280(3)(C) અંતર્ગત રાજ્ય નાણાં પંચ દ્વારા કરવામાં આવેલી ભલામણોના આધારે રાજ્યોમાં નગરપાલિકાઓના સાધનોની પૂરતી કરવા રાજ્યની સંચિત નિધિ અથવા તો એકત્રિત ફંડ કે એકીકૃત ભંડોળ (Consolidated Fund)માં વૃદ્ધિ કરવા જરૂરી પગલાં લેવા.

(f) રાષ્ટ્રપતિ દ્વારા નાણાકીય હિતમાં આપવામાં આવેલી અન્ય કોઈપણ બાબતો.

- નાણાં પંચ પોતાનો અહેવાલ રાષ્ટ્રપતિને આપે છે અને રાષ્ટ્રપતિ આ અહેવાલને સંસદના બંને ગૃહો સમક્ષ મૂકાવે છે. અહીં એ ખાસ નોંધવું જરૂરી છે કે, નાણાં પંચનો અહેવાલ સલાહકારની ભૂમિકા ભજવે છે. તેની જોગવાઈઓને માનવા સરકાર બંધાયેલી નથી, પરંતુ સામાન્ય રીતે સરકાર આ અહેવાલની ભલામણોને માને છે.
- નાગરિક કાર્યવાહી સંહિતા, 1908 અનુસાર નાણાં પંચ પાસે દીવાની અદાલતની બધી સત્તાઓ છે. તેઓ સાક્ષીઓને બોલાવી શકે છે, તથા સાર્વજનિક દસ્તાવેજની નકલ માંગી શકે છે. આવી સત્તાને લીધે તેને એક અર્ધન્યાયિક સંસ્થા પણ કહી શકાય.

## ભારતમાં અત્યાર સુધીના નાણાં પંચ

ભારતમાં ઈ.સ. 1951માં પ્રથમ નાણાં પંચની રચના કરવામાં આવી હતી. જેણે પોતાનો અહેવાલ ઈ.સ. 1952માં રજૂ કર્યો હતો. જે 1952થી 1957 સુધી અમલમાં હતો. ભારતના પ્રથમ નાણાં પંચના અધ્યક્ષ શ્રી કે.સી. નિયોગી હતા.

- ભારતમાં અત્યાર સુધી પંદર નાણાં પંચની રચના કરવામાં આવી છે. પંદરમા નાણાં પંચના અધ્યક્ષ શ્રી એન. કે. સિંઘ હતા.
- 15મા નાણાં પંચે કેન્દ્રીય કરમાં રાજ્યોનો હિસ્સો 41% રાખવાની ભલામણ કરી હતી. જેનો સરકારે સ્વીકાર કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં અત્યાર સુધી રચાયેલા નાણાં પંચ

| નાણાં પંચ | અધ્યક્ષ | નિયુક્તિ વર્ષ | રિપોર્ટ જમા કરવાનું વર્ષ | રિપોર્ટના અમલનું વર્ષ |
|---|---|---|---|---|
| પ્રથમ | કે.સી. નિયોગી | 1951 | 1952 | 1952-1957 |
| બીજું | કે. સંથાનમ | 1956 | 1957 | 1957-1962 |
| ત્રીજું | એ. કે. ચંદા | 1960 | 1961 | 1962-1966 |
| ચોથું | ડૉ. પી. વી. રાજમન્નાર | 1964 | 1965 | 1966-1969 |
| પાંચમું | મહાવીર ત્યાગી | 1968 | 1969 | 1969-1974 |

| | | | | |
|---|---|---|---|---|
| છઠ્ઠું | બ્રહ્માનંદ રેડ્ડી | 1972 | 1973 | 1974-1979 |
| સાતમું | જે. એમ. શેલટ | 1977 | 1978 | 1979-1984 |
| આઠમું | વાય. વી. ચૌહાણ | 1982 | 1984 | 1984-1989 |
| નવમું | એન. કે. પી. સાલ્વે | 1987 | 1989 | 1989-1995 |
| દસમું | કે. સી. પંત | 1992 | 1994 | 1995-2000 |
| અગિયારમું | એ. એમ. ખુસરો | 1998 | 2000 | 2000-2005 |
| બારમું | ડો. સી. રંગરાજન | 2002 | 2004 | 2005-2010 |
| તેરમું | ડો. વિજય કેલકર | 2007 | 2009 | 2010-2015 |
| ચૌદમું | ડો. વાય. વી. રેડ્ડી | 2013 | 2014 | 2015-2020 |
| પંદરમું | એન. કે. સિંહ | 2017 | 2020 | 2021-2026 |

**નોંધ :** ભારતમાં વર્ષ 2020થી 2025 સુધીના સમયગાળા માટે ભલામણ કરવા માટે પંદરમા નાણાં પંચની નિમણૂક કરવામાં આવી હતી. જોકે, ત્યારબાદ આ સમયગાળો વધારીને વર્ષ 2021થી 2026 કરવામાં આવ્યો હતો.

## રાજ્ય નાણાં પંચ (State Finance Commission)

રાજ્ય નાણાં પંચ એ એક બંધારણીય સંસ્થા છે.

- બંધારણના ભાગ 9માં અનુચ્છેદ 243(I) અંતર્ગત રાજ્ય નાણાં પંચની જોગવાઈ કરવામાં આવી છે.
- રાજ્ય નાણાં પંચના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક સંબંધિત રાજ્યના રાજ્યપાલ દર પાંચ વર્ષે કરે છે.

## રાજ્ય નાણાં પંચના કાર્યો

(a) રાજ્ય અને સ્થાનિક સરકારો (પંચાયતો તેમજ નગરપાલિકાઓ) વચ્ચે કરની ચોખ્ખી આવકના નાણાંઓની વહેંચણી કરવી.

(b) રાજ્યની સંચિત નિધિ અથવા તો એકત્રિત ફંડ કે એકીકૃત ભંડોળ (Consolidated Fund)માંથી પંચાયતોને અને નગરપાલિકાઓને જરૂરિયાત મુજબનું અનુદાન આપવા અંગેના નિયમો નિર્ધારિત કરવા.

(c) પંચાયતો અને નગરપાલિકાઓની નાણાકીય સ્થિતિ સુધારવા અંગેના સૂચનો આપવા.

(d) રાજ્ય નાણાં પંચ પોતાના કાર્યો અંગેનો અહેવાલ રાજ્યપાલને સોંપે છે અને રાજ્યપાલ આ અહેવાલ રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકાવે છે.

નોંધ : (1) ગુજરાતમાં પ્રથમ નાણાં પંચની સ્થાપના સપ્ટેમ્બર, 1994માં કરવામાં આવી હતી.
(2) ગુજરાત રાજ્યના પ્રથમ નાણાં પંચના અધ્યક્ષ શ્રી જશવંત મહેતા હતા.

## XPosat : ISRO

1 જાન્યુઆરી, 2024ના રોજ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ એક્સ–રે ધ્રુવીકરણ અને તેના અવકાશ સ્ત્રોતો, જેમ કે બ્લેક હોલ, ન્યુટ્રોન સ્ટાર્સ અને મેગ્નેટર્સનો અભ્યાસ કરવા માટે તેના પ્રથમ એક્સ–રે પોલરીમીટર સેટેલાઈટ (XPosat) લોન્ચ કરવામાં આવ્યો છે.

- આ ઉપગ્રહને PSLV-C58 રોકેટ દ્વારા પૃથ્વીની નીચી ભ્રમણકક્ષામાં છોડવામાં આવ્યો છે.

### XPosat

XPosatનું પૂરું નામ 'X-ray Polarimeter Satellite' છે.

- XPosat એ ભારે પરિસ્થિતિઓમાં તેજસ્વી ખગોળશાસ્ત્રીય એક્સ–રે સ્ત્રોતોની વિવિધ ગતિશીલતાનો અભ્યાસ કરવા માટેનું પ્રથમ ધ્રુવીયમેટ્રી મિશન છે.
- XPosat એ મધ્યમ એક્સ–રે બેન્ડમાં એક્સ–રે ધ્રુવીયકરણનો અભ્યાસ કરવા માટે રચાયેલ છે.
- જે રેડિયેશન મિકેનિઝમ્સ અને ખગોળશાસ્ત્રીય સ્ત્રોતોની ભૂમિતિની સમજ આપે છે.
- આ અવકાશી પદાર્થો સંબંધિત ભૌતિકશાસ્ત્રને સમજવા માટે આ અભ્યાસ મહત્ત્વપૂર્ણ છે.
- આ સેટેલાઈટ મુખ્ય બે પેલોડ વહન કરે છે :

(1) POLIX (એક્સ–રે પોલેરીમેટ્રી ઉપકરણ) અને

(2) XSPECT (એક્સ–રે સ્પેક્ટ્રોસ્કોપી અને સમય)

- POLIX લગભગ 40 તેજસ્વી ખગોળીય સ્ત્રોતો/પિંડોનું અવલોકન કરશે.
- જ્યારે XSPECT વિવિધ સામગ્રીઓ દ્વારા ઉત્પન્ન થતા ઈલેક્ટ્રોમેગ્નેટિક સ્પેક્ટ્રમનો અભ્યાસ કરશે.
- બેંગ્લુરુ સ્થિત બે સંસ્થાઓ ISROની U.R. રાવ સેટેલાઈટ સેન્ટર અને રમણ સંશોધન સંસ્થા દ્વારા નિર્મિત XPosatનો વિકાસ 2008માં શરૂ થયો હતો. વર્ષ 2015માં ISRO સાથે ઔપચારિક કરાર કરવામાં આવ્યો હતો.
- XPosat એ વિશ્વનું બીજું મિશન છે જે મધ્યમ એક્સ–રે બેન્ડમાં એક્સ–રે ધ્રુવીયકરણને સમર્પિત છે.
- નાસાનું ઈમેજિંગ એક્સ–રે પોલેરીમેટ્રી એક્સપ્લોરર (IXPE), જે 2021માં લોન્ચ કરવામાં આવ્યું હતું, તે અવકાશ એજન્સી દ્વારા આ પ્રકારનું પ્રથમ મિશન હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) તાજેતરમાં લોન્ચ કરાયેલા સૌર મિશન આદિત્ય-L1 અને 2015માં લોન્ચ થયેલ Astrosat પછી, XPosat ભારતની ત્રીજી અવકાશ–આધારિત વેધશાળા હશે.

(2) તેના પ્રક્ષેપણને ભારતીય ખગોળશાસ્ત્ર અને અવકાશ સંશોધન માટે એક મહત્ત્વપૂર્ણ પ્રગતિ તરીકે જોવામાં આવે છે.

## X-Ray શું છે અને તે અવકાશી પદાર્થોનો અભ્યાસ કેવી રીતે કરશે

X-Ray એ ઈલેક્ટ્રોમેગ્નેટિક રેડિયેશન છે, જેની તરંગલંબાઈ 0.01-10 નેનોમીટર છે.

- ઈલેક્ટ્રોમેગ્નેટિક રેડિયેશન ઈલેક્ટ્રિક ક્ષેત્ર અને ચુંબકીય ક્ષેત્ર દ્વારા વર્ગીકૃત થયેલ છે, જે એકબીજાને લંબરૂપ કંપન અથવા વાઈબ્રેટ કરે છે.
- વિદ્યુતચુંબકીય કિરણોત્સર્ગનું ધ્રુવીકરણ આ બે ક્ષેત્રોના અભિગમને સંદર્ભિત કરે છે, કારણ કે કિરણોત્સર્ગ અંતરિક્ષના માધ્યમથી ચાલે છે.
- જ્યારે એક્સ–રે વેરવિખેર થાય છે, ત્યારે તેઓ ધ્રુવીયકરણ પામે છે અને જ્યારે ચુંબકીય ક્ષેત્ર દ્વારા ઝડપી ગતિશીલ ચાર્જ્ડ કણનો માર્ગ વળેલો હોય ત્યારે તે પણ ઉત્પન્ન થાય છે.
- એક્સ–રેના ધ્રુવીયકરણને માપવા માટે POLIX જેવા સાધનોનો ઉપયોગ કરીને, ખગોળશાસ્ત્રીઓ અવકાશી પદાર્થોમાં હાજર ચુંબકીય ક્ષેત્રોની દિશા અને તીવ્રતા નક્કી કરી શકે છે.
- તેના બદલામાં પલ્સરની પ્રકૃતિ અને વર્તન, બ્લેક હોલની આસપાસના પ્રદેશો અને એક્સ–રે ઉત્સર્જન કરતી અન્ય કોસ્મિક ઘટનાઓ વિશે મહત્ત્વપૂર્ણ આંતરદષ્ટિ પ્રદાન કરે છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં ભારત સરકારે કેટલામાં નાણા પંચની રચના કરી છે ?

(A) 17માં (B) 18માં (C) 16માં (D) 12માં — (C)

2. તાજેતરમાં ભારત સરકારે 16માં નાણા પંચની રચના કરી છે. જેના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) ડૉ. અરવિંદ પનાગરિયા (B) ડૉ. મનસુખ માંડવિયા

(C) શ્રી હસમુખ અઢિયા (D) શ્રી સંજયસિંહ કોઠારી — (A)

3. ભારતીય 'નાણા પંચ' (Finance Commission) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે એક બંધારણીય સંસ્થા છે.
2. બંધારણના ભાગ-11ના અનુચ્છેદ-267માં તેનો ઉલ્લેખ કરેલ છે.
3. સામાન્ય રીતે દર 5 વર્ષે રાષ્ટ્રપતિ દ્વારા નાણાં પંચની નિમણૂક કરવામાં આવે છે.
4. નાણાં પંચમાં 1 અધ્યક્ષ અને 4 અન્ય સભ્યો મળીને કુલ 5 સભ્યો હોય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1, 3 અને 4

(C) માત્ર 1 અને 4 (D) 1, 2, 3 અને 4 — (B)

4. તાજેતરમાં ભારતે 'XPosat' સેટેલાઈટ લોન્ચ કર્યો હતો. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. XPosatનું પૂરું નામ X-Ray Polarimeter Satellite છે.
2. તેને PSLV-C58 રોકેટ દ્વારા પૃથ્વીની નીચી ભ્રમણકક્ષામાં છોડવામાં આવ્યો હતો.
3. તે મધ્યમ એક્સ–રે બેન્ડમાં એક્સ–રે ધ્રુવીયકરણનો અભ્યાસ કરવામાં માટે રચાયેલ છે, જેમ કે બ્લેકહોલ ન્યુટ્રોન સ્ટાર્સ અને મેગ્નેટર્સનો અભ્યાસ કરવા માટે.
4. આ સેટેલાઈટ POLIX અને XSPECT નામના બે પેલોડ વહન કરે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1, 2 અને 3

(C) માત્ર 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 — (D)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મથુરાના વૃંદાવનમાં સંવિદ ગુરુકુલમ કન્યા સૈનિક શાળાનું ઉદ્‌ઘાટન



તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે ઉત્તરપ્રદેશમાં મથુરાના વૃંદાવનમાં સંવિદ ગુરુકુલમ કન્યા સૈનિક શાળાનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

- આ મહત્ત્વપૂર્ણ પગલું સંરક્ષણ ક્ષેત્રે છોકરીઓને સમાન તકો પ્રદાન કરવાની સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.
- આ શાળા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં દર્શાવેલ ઉદ્દેશ્યોને અનુરૂપ છે અને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 100 નવી સૈનિક શાળાઓની સ્થાપના કરવા માટે સરકારની પહેલને આગળ વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવવા વ્યૂહાત્મક રીતે સ્થિત છે.
- આ પહેલનો ઉદ્દેશ ગુણવત્તાયુક્ત શિક્ષણ, કારકિર્દીની વધુ સારી તકો અને છોકરીઓને સશસ્ત્ર દળોમાં જોડાવા પ્રોત્સાહિત કરવાનો છે.

## કિર્ગીસ્તાને હિમ ચિત્તાને તેના રાષ્ટ્રીય પ્રતિક તરીકે જાહરે કર્યુ

કિર્ગીસ્તાને સત્તાવાર રીતે હિમ ચિત્તો (પેન્થેરા અનસિયા)ને તેના રાષ્ટ્રીય પ્રતીક તરીકે જાહેર કર્યુ છે.

- જે સંરક્ષણ અને પર્યાવરણીય સંતુલન પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.
- કિર્ગીઝ સંસ્કૃતિમાં હિમ ચિત્તો ઐતિહાસિક રીતે નોંધપાત્ર છે, જે કિર્ગીઝ લોક નાયક માનસની વાર્તામાં દેખાય છે, જે મહાનતા, હિંમત અને સ્થિતિ સ્થાપકતાના પ્રતિક તરીકે આદરવામાં આવે છે.
- તેને 'ઘોસ્ટ ઓફ ધ માઉન્ટેન' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- હિમ ચિત્તો પર્યાવરણીય સંતુલન માટે મહત્ત્વપૂર્ણ છે, જે વૈશ્વિક વિસ્તારના 1/3 ભાગમાં વસે છે.
- તેમની વસતીમાં ઘટાડાથી વિવિધ પ્રજાતિઓ માટે ખતરો વધી ગયો છે.

નોંધ : (1) હિમ ચિત્તો શિકાર, રહેઠાણની ખોટ અને માનવ-વન્યજીવન સંઘર્ષનો સામનો કરી રહ્યો છે.

(2) ભારત સરકારે હિમાલયની ઊંચાઈએ આવેલા હિમાલયની મુખ્ય પ્રજાતિ તરીકે હિમ ચિત્તાની ઓળખ કરી છે. તેણે પ્રજાતિઓ અને રહેઠાણોના સંરક્ષણ માટે સ્નો લેપર્ડ પ્રોજેક્ટ વિકસાવ્યો છે.



## ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોના રાષ્ટ્રપતિ તરીકે શ્રી ફેલિક્સ ત્શિસેકેડી ફરી ચૂંટાયા



શ્રી ફેલિક્સ ત્શિસેકેડી તાજેતરમાં ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે.

- તેઓ સતત બીજી વખત ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે.
- તાજેતરમાં યોજાયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં શ્રી ફેલિક્સ ત્શિસેકેડીને 73%થી વધુ મત મળ્યા હતા.
- ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો એ મધ્ય આફ્રિકન ખંડમાં સ્થિત એક દેશ છે.
- તેમની રાજધાની અને સૌથી મોટું શહેર કિન્શાસા છે.

## જાપાનમાં ભૂકંપ અને સુનામી



તાજેતરમાં જાપાનમાં 7.6ની તિવ્રતાની શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો.

- આ ભૂકંપ બાદ આફ્ટરશોક ચાલુ રહ્યા હતા, લગભગ 155થી વધુ આફ્ટરશોક આવ્યા હતા.
- આ ભિષણ ભૂકંપમાં 50થી વધુ લોકોના મૃત્યુ અને અસંખ્ય લોકો ઘાયલ થયા હતા.
- આ ભૂકંપની શ્રેણીઓ જોઈને ઉચ્ચ સ્તરની સુનામીની ચેતવણી જારી કરી હતી.
- જાપાનમાં અનેક જગ્યાએ દરિયાકાંઠે 1.2 મીટર ઊંચા મોજાં ટકરાયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE E

### આફ્ટરશોક્સ શું છે ?

ઓફટરશોક્સ પુનઃગોઠવણ અથવા પુનઃસમાયોજન પ્રક્રિયાઓ (Readjustment Processes) છે.

- તે ધરતીકંપ પછી આવે છે. કેટલીક વાર આફ્ટરશોક્સ દિવસો કે વર્ષો સુધી ચાલુ રહે છે.
- આફ્ટરશોક્સ નાના ધરતીકંપો છે અને ધરતીકંપ જેવી જ વિનાશક અસર ધરાવે છે.
- તે ફોલ્ટ ઝોનની નજીક થાય છે જ્યાં આંચકો ઉદ્‌ભવે છે.

### ભૂકંપ અથવા ધરતીકંપ વિશે

પેટાળની આંતરિક ગરમી અને દબાણના ફેરફારોને કારણે ખડક દ્રવ્યોના સ્વરૂપમાં પ્રસરણ કે સંકોચનની પ્રક્રિયા થાય છે. તેથી ભૂકવચમાં હલનચલન અનુભવાય છે. આ પ્રક્રિયાને 'ભૂ–સંચલન' કહે છે.

- ભૂસંચલન મંદ અને ઝડપી પણ હોઈ શકે છે. પૃથ્વીના પેટાળમાં ગરમી અને દબાણમાં ઝડપી ફેરફારોથી જે ભૂ–સંચલન અનુભવાય છે તેને ઝડપી ભૂ–સંચલન કહે છે.

- ભૂ–સંચલનની ક્રિયાને કારણે પૃથ્વીસપાટીનો અમુક નબળો ભાગ આકસ્મિક રીતે ધ્રુજી ઊઠે ત્યારે તે આકસ્મિક ધ્રુજારીને 'ભૂકંપ' (Earthquack) કહે છે.
- જે સ્થળેથી ભૂકંપ–મોજાં ઉત્પન્ન થાય છે તે સ્થળને 'ભૂકંપકેન્દ્ર' કહે છે.
- ભૂકંપ કેન્દ્રથી પૃથ્વીની સપાટી ઉપરના સૌથી નજીકના સ્થળે જ્યાં ભૂકંપ–મોજાં સૌપ્રથમ પહોંચતા હોય તેને 'ભૂકંપ નિર્ગમન કેન્દ્ર' (Epicentre) કહે છે.
- ભૂકંપની સૌથી વધુ અસર ભૂ–સપાટી પરના નિર્ગમન કેન્દ્રના વિસ્તારમાં અનુભવાય છે.




ભૂકંપ ઉદ્‌ગમ કેન્દ્ર અને નિર્ગમન કેન્દ્ર

## ભૂકંપ મોજાં

ભૂકંપ થાય છે ત્યારે ભૂકંપ કેન્દ્રમાંથી મોજાં ઉત્પન્ન થાય છે જેને 'ભૂકંપ મોજા' (Seismic Waves) કહે છે.

- આ ભૂકંપ મોજા પૃથ્વીના જુદા–જુદા ભાગોમાંથી તેમની ખાસિયતો મુજબ વિવિધ દિશાઓમાં જૂદી–જૂદી ગતિથી પસાર થાય છે.
- ભૂકંપ આલેખક યંત્રમાં તેની નોંધ લેવાય છે. જેના આધારે ભૂકંપના નકશા તૈયાર કરાય છે.
- ભૂકંપ આલેખ યંત્ર (Seismograph) દ્વારા ભૂકંપના મોજાંઓનું અંકન કરીને તેનો અભ્યાસ કરતું શાસ્ત્ર 'ભૂકંપ વિજ્ઞાન' (Seiesmology) તરીકે ઓળખાય છે.




- ભૂકંપના મોજા મુખ્યત્વે ત્રણ પ્રકારના છે જે નીચે મુજબ છે :

## (1) પ્રાથમિક મોજાં (લંબાત્મક મોજાં અથવા 'પી' મોજા) (P-Waves) :

આ ટૂંકી તરંગ લંબાઈના અને ઉચ્ચ આવૃત્તિવાળાં મોજાં છે.

- તેમાં અણુઓનું કંપન મોજાની લંબાઈની કે એની ગતિક્રિયા (Movement)ની દિશામાં થાય છે.
- આથી તેને 'લંબાત્મક મોજા' કહે છે. ટૂંકમાં તેને 'P' મોજાં પણ કહે છે.
- આ મોજાં અવાજના મોજાંને મળતા આવે છે. તે જ્યારે પૃથ્વીમાં પસાર થતા હોય છે ત્યારે દૂર ઊંડાણમાં વાદળોના ગડગડાટ કે પવનની ગર્જના થતી હોય એવો અવાજ સંભળાય છે.
- તે સૌથી ઝડપી મોજાં છે. તેથી ભૂકંપ નોંધણી કેન્દ્ર પર સૌપ્રથમ પહોંચે છે.
- તે ઘન, પ્રવાહી અને વાયુ માધ્યમમાંથી પસાર થાય છે. તેથી આ મોજા પૃથ્વીના બધા જ ભાગોમાંથી પસાર થઈ શકે છે.
- આ મોજા પ્રવાહી કરતા ઘન પદાર્થમાં વધુ વેગથી પસાર થાય છે.
- ટૂંકમાં જેમ માધ્યમ ક્ષેત્ર વધારે ઘન તેમ 'P' મોજાંની ગતિ વધે છે.
- 'P' મોજાં જ્યારે એક પ્રકારના માધ્યમથી બીજા પ્રકારના માધ્યમમાં પ્રવેશે છે ત્યારે તેની દિશા બદલે છે. પ્રવાહી માધ્યમમાં પ્રવેશતા તેની ગતિમાં ઘટાડો થાય છે.

## (2) દ્વિતીયક મોજા (અથવા ગૌણ અથવા ઉપમોજા) (S-Waves) :

પ્રાથમિક મોજાં કરતા આ મોજાંઓનો વેગ ઓછો છે.

- તે માત્ર ઘન માધ્યમમાંથી જ પસાર થઈ શકે છે.
- આ મોજામાં અણુઓનું કંપન મોજાની ગતિક્રિયાની દિશાને કાટખૂણે ઉપર–નીચે થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ કારણે તેને આડા મોજાં પણ કહે છે. આ ગૌણ મોજાને ટૂંકમાં 'S' મોજા કહેવામાં આવે છે.
- આ મોજા પ્રકાશના મોજાને મળતા આવે છે. સમુદ્ર અથવા પ્રવાહી માધ્યમમાં તે શાંત થઈ જાય છે.

**નોંધ :** પ્રાથમિક અને ગૌણ મોજાંના પરાવર્તન અને વક્રિભવનના ગુણધર્મો પૃથ્વીની આંતરિક રચના જાણવામાં મહત્વનો ભાગ ભજવે છે.

## (3) સપાટીના મોજાં અથવા પૃષ્ઠીય મોજા (L-Waves) :

'P' મોજાં અને 'S' મોજાંના પ્રાથમિક કંપનો થોડા થોડા અવકાશે ઉત્પન્ન થયા પછી લાંબા સમયગાળાનું મુખ્ય કંપન ઉત્પન્ન થાય છે.

- જે પૃથ્વીની સપાટીએ પહોંચે છે અને પૃથ્વીની સપાટીના ભાગમાં પરિઘના લાંબા માર્ગે પ્રસરે છે.
- તળાવમાં પથ્થર નાખવાથી જેવા મોજા ઉત્પન્ન થાય છે તેવા આ મોજા છે.
- આ મોજાંને 'સપાટીના મોજાં' અથવા 'L' મોજા કહે છે.
- આ મોજાં લાંબી તરંગ લંબાઈ, નિમ્નાવૃત્તિવાળા અને પૃથ્વીના પોપડાની સપાટીના ભાગમાં ફેલાય છે.
- ભૂકંપથી જે વિનાશ સર્જાય છે તે આ મોજાંને આભારી છે.
- આ મોજા જ્યારે સમુદ્રમાં પ્રવેશે છે ત્યારે ત્યાં ઊંચા મોજાં ઉત્પન્ન કરે છે.

**નોંધ :** સપાટીના મોજા પૃથ્વીની આંતરિક રચનાનું રહસ્ય જાણવા માટે ઉપયોગી બનતા નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભૂકંપના કારણો

પૃથ્વીની સંતુલિત અવસ્થામાં ખલેલ પડવાના કારણે ભૂકંપ થાય છે. ઉપરાંત પૃથ્વીના ભૂકવચ નીચે કાર્યરત અદશ્યમાન ઘટનાઓના કારણે ભૂકંપ ઉદ્ભવે છે.

- ભૂકંપના મુખ્ય કારણો નીચે મુજબ છે :

(1) સ્તરભંગ પ્રક્રિયા

(2) જ્વાળામુખી પ્રસ્ફોટન

(3) ભૂ–સંતુલન પરિસ્થિતિ (Isostasy)

(4) પાણીની વરાળ

(5) માનવીય પ્રવૃત્તિઓ (ખાણ, રસાયણો, પરમાણુ ઉપકરણોનું વિસ્ફોટન વગેરે)

(6) ટેક્ટોનિક પ્લેટોનું હિલચાલ

## ભૂકંપના પ્રકાર




## ભૂકંપ માપવાના માપક્રમ

**ભૂકંપ માપવાના બે માપક્રમ છે :**

**(1) રિક્ટર (Ritcher), (2) મર્કાલી અથવા મરકૈલી (Mercalli)**

| રિક્ટર સ્કેલ | મર્કાલી/મરકૈલી સ્કેલ |
|---|---|
| • મેગ્નિટ્યૂડ સ્કેલ તરીકે પણ ઓળખાય છે. | • ઈન્ટેન્સિટી સ્કેલ તરીકે પણ ઓળખાય છે. |
| • તે ભૂકંપ દરમિયાન ઉત્પન્ન થતી ઊર્જાના માપન સાથે સંબંધિત છે. | • ઘટનાના કારણે દેખાતા નુકસાનનું માપન તથા ભૂકંપની તીવ્રતા માપે છે. |
| • તે 0 થી 10 સુધીની પૂર્ણ સંખ્યામાં દર્શાવવામાં આવે છે, જોકે 2થી ઓછી અને 10થી વધુ રિક્ટર તીવ્રતાના ધરતીકંપનું માપન શક્ય નથી. | • સ્કેલની શ્રેણી 1 થી 12 છે. |

નોંધ : (1) રિક્ટર સ્કેલ માપનનું નામ તેના શોધક 'ચાર્લ્સ ફ્રન્સિસ રિક્ટર'ના નામ પરથી રાખવામાં આવ્યું છે. 1935માં આ પદ્ધતિ વિકસાવી હતી.

(2) જ્યારે મર્કાલી અથવા મરકૈલી સ્કેલ માપનનું નામ જિયુસેપ મર્કલ્લીના નામ પરથી રાખવામાં આવ્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુનામી

યુનાઈટેડ નેશન્સ અનુસાર 'સુનામી' શબ્દ જાપાનમાંથી આવ્યો છે, જ્યાં 'સુ' શબ્દનો અર્થ 'બંદર' અને 'નામી' શબ્દનો અર્થ 'તરંગ' (મોજા) થાય છે.

- ઘણીવાર મજબૂત ધરતીકંપ દરમિયાન સમુદ્રની પ્લેટ કેટલાક મીટર ખસે છે, જેના પરિણામે સમુદ્રની સપાટી પરનું પાણી મોટા મોજાંના સ્વરૂપમાં ઉછળે છે.
- આ મજબૂત અને ઊંચા મોજાને સપાટી પર સુનામી કહેવામાં આવે છે.
- વર્ષ 2004માં હિંદ મહાસાગરની સુનામી માનવ ઈતિહાસની સૌથી ભયંકર કુદરતી આફતો પૈકીની એક હતી, જેમાં હિંદ મહાસાગરની સરહદે આવેલા 14 દેશોમાં ઓછામાં ઓછા 2,30,000 લોકો મૃત્યુ પામ્યા હતા.
- વર્ષ 2004માં હિંદ મહાસાગરમાં સૌથી ભયંકર સુનામી પછી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ દર વર્ષે 5 નવેમ્બરને 'વિશ્વ સુનામી દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS






# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે 'સંવિદ ગુરુકુલમ કન્યા સૈનિક શાળા'નું ઉદ્ઘાટન કર્યુ હતું. આ સૈનિક શાળા કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) ઉત્તરાખંડ (B) અરૂણાચલ પ્રદેશ (C) ઉત્તરપ્રદેશ (D) સિક્કિમ **(C)**

2. તાજેતરમાં નીચેના પૈકી કયા દેશે હિમ ચિત્તાને તેના રાષ્ટ્રીય પ્રતિક તરીકે જાહેર કર્યુ છે ?

(A) કઝાકિસ્તાન (B) ઈન્ડોનેશિયા (C) મંગોલિયા (D) કિર્ગીસ્તાન **(D)**

3. તાજેતરમાં શ્રી ફેલિક્સ ત્શિસેકેડી કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે ?

(A) ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો (B) સાઓ ટોમ અને પ્રિન્સપે

(C) લાઈબેરિયા (D) દક્ષિણ સુદાન **(A)**

4. જાન્યુઆરી, 2024માં નીચેના પૈકી કયા દેશમાં 7.6ની તિવ્રતાનો ભૂકંપ આવ્યા બાદ ઉચ્ચ સ્તરની સુનામીની ચેતવણી જારી કરી હતી ?

(A) ઈન્ડોનેશિયા (B) માલદીવ (C) જાપાન (D) ફિનલેન્ડ **(C)**

5. નીચેના પૈકી કયા મોજાંનો ભૂકંપ મોજાંના પ્રકારમાં સમાવેશ થતો નથી ?

(A) H-મોજાં (B) L-મોજાં (C) S-મોજાં (D) P-મોજાં **(A)**

6. 'ભૂકંપ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ભૂકંપના–મોજા જે સ્થળેથી ઉદ્ભવે તે સ્થળને ભૂકંપ કેન્દ્ર કહે છે.
2. ભૂકંપના પ્રાથમિક મોજા અથવા 'પી' મોજા (P-Waves) સૌથી વધુ વેગ ધરાવતા મોજા છે.
3. ભૂકંપના દ્વિતીયક મોજા માત્ર ઘન માધ્યમમાંથી જ પસાર થાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 04 જાન્યુઆરી, વિશ્વ બ્રેઈલ દિવસ (World Braille Day)



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 4 જાન્યુઆરીના રોજ 'આંતરરાષ્ટ્રીય બ્રેઈલ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણી માટે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 6 નવેમ્બર, 2018ના રોજ એક ઠરાવ પસાર કર્યો હતો.
- ત્યારબાદ વર્ષ 2019થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.
- બ્રેઈલ લિપીના જનક શ્રી લુઈસ બ્રેઈલની યાદમાં તેમનો જન્મ દિન 4 જાન્યુઆરી 'આંતરરાષ્ટ્રીય બ્રેઈલ દિન' તરીકે ઉજવાય છે.
- અંધજનો પણ આંગળીના સ્પર્શથી વાંચી શકે તે માટે શ્રી લુઈસ બ્રેઈલે આ બ્રેઈલ લિપીની શોધ કરી હતી.
- શ્રી લુઈસ બ્રેઈલનો જન્મ 4 જાન્યુઆરી, 1809ના રોજ ફ્રાન્સના એક ગામમાં થયો હતો અને ખૂબ જ નાની ઉંમરે એક અકસ્માતમાં તેણે પોતાની આંખોની રોશની ગુમાવી હતી.
- ત્યારબાદ તેમણે 15 વર્ષની ઉંમરે બ્રેઈલ લિપીની શોધ કરી હતી.
- બ્રેઈલ એ અંધ લોકો માટે વાંચવા અને લખવા માટેનો સ્પર્શેન્દ્રિય કોડ છે. તેમાં ખાસ પ્રકારના ઉભા કરેલા કાગળનો ઉપયોગ કરવામાં આવે છે.
- જેના પર ઉભા થયેલા બિંદુઓને સ્પર્શ કરીને વાંચી શકાય છે.

નોંધ : (1) બ્રેઈલ લિપિને ટાઈપરાઈટરની જેમ 'બ્રેઈલરાઈટર' મશિન દ્વારા લખી શકાય છે.
(2) આ સિવાય તેને સ્ટાઈલસ અને બ્રેઈલ સ્લેટ દ્વારા પણ લખી શકાય છે.
(3) બ્રેઈલમાં ઉભા થયેલા બિંદુઓને 'સેલ્સ' કહેવામાં આવે છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત સ્ક્વેર કિલોમીટર એરે ઓબ્ઝર્વેટરી (SKAO)માં જોડાયું

ભારતે સ્ક્વેર કિલોમીટર એરે ઓબ્ઝર્વેટરી (SKAO) માટે ઔપચારિક રીતે હસ્તાક્ષર કર્યા છે.

- જે વિશ્વના સૌથી મોટા રેડિયો ટેલિસ્કોપનું નિર્માણ કરવા માટે એક મહત્ત્વાકાંક્ષી બહુરાષ્ટ્રીય પહેલ છે.

### SKAO શું છે ?



SKAO એ એક સાધન નથી પરંતુ દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાની સાઈટ્સ પર હજારો ટેલિસ્કોપ એન્ટેનાનો વિશાળ સંગ્રહ છે.

- SKAO એ વિવિધ દેશોની ભાગીદારી સાથેની આંતર–સરકારી સંસ્થા છે.
- SKAOનું મુખ્ય મથક યુનાઈટેડ કિંગ્ડમમાં આવેલું છે.
- તે ખગોળશાસ્ત્રીઓને કોસ્મિક સમજને આગળ વધારતા, અત્યંત અંતરે ખગોળીય ઘટનાઓની તપાસ કરવામાં સક્ષમ બનાવશે.

નોંધ : (1) ભારતીય વૈજ્ઞાનિકોએ પુણેમાં નેશનલ સેન્ટર ફોર રેડિયો એસ્ટ્રોફિઝિક્સ (NCRA) અને અન્ય સંસ્થાઓ દ્વારા દાયકાઓથી SKAOના વિકાસમાં ભાગ લીધો છે.

(2) મહત્ત્વનું યોગદાન NCRA દ્વારા ડિઝાઈન કરાયેલ અદ્યતન 'ટેલિસ્કોપ મેનેજર' સોફ્ટવેર છે. આ ન્યુરલ નેટવર્ક અવલોકનોને નિયંત્રિત અને ઓપ્ટિમાઈઝ કરશે.

## ભારતનું સ્ટીલ ક્ષેત્ર (Steel Sector of India)

છેલ્લા કેટલાક વર્ષોમાં સ્ટીલ સેક્ટરમાં જબરદસ્ત વૃદ્ધિ જોવા મળી છે.

- અને ભારત સ્ટીલ ઉત્પાદનમાં વૈશ્વિક શક્તિ તરીકે ઉભરી આવ્યું છે અને ચીન પછી વિશ્વમાં સ્ટીલના બીજા સૌથી મોટા ઉત્પાદક તરીકે ઉભરી આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ભારતમાં સ્ટીલ ક્ષેત્રની સ્થિતિ શું છે ?



વર્ષ 2023માં ભારતમાં સ્ટીલ (કાચુ/ક્રૂડ સ્ટીલ)નું કુલ ઉત્પાદન 125.32 મિલિયન ટન છે અને ફિનિશ્ડ સ્ટીલનું ઉત્પાદન 121.29 મિલિયન ટન છે.

### મહત્ત્વ

સ્ટીલ વિશ્વમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતી સામગ્રીમાંની એક છે.

- આયર્ન (લોખંડ) અને સ્ટીલ ઉદ્યોગો અન્ય ઉત્પાદક ઉદ્યોગોના બોટમ લાઈન ઉત્પાદક છે.
- સ્ટીલ ઉદ્યોગ બાંધકામ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઓટોમોબાઈલ્સ, એન્જિનિયરિંગ અને સંરક્ષણ જેવા મહત્ત્વપૂર્ણ ક્ષેત્રમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
- સ્ટીલ એ ભારતીય અર્થતંત્ર માટે મુખ્ય ક્ષેત્ર છે, તે નાણાકીય વર્ષ 21-22માં દેશના GDPમાં 2% હિસ્સો ધરાવે છે.

### ઉત્પાદન રાજ્ય

ભારતના મુખ્ય સ્ટીલ ઉત્પાદક રાજ્યોમાં ઓડિશા મોખરે છે.

- ત્યારબાદ ઝારખંડ અને છત્તીસગઢ આવે છે.
- કર્ણાટક, મહારાષ્ટ્ર, ગુજરાત અને પશ્ચિમ બંગાળ પણ તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

## ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ માટે આધાર

સ્ટીલ ક્ષેત્ર રસ્તાઓ, પુલો, ડેમ, એરપોર્ટ, બંદરો વગેરે જેવા ભારતના માળખાકીય માળખાના નિર્માણ અને જાળવણીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

- તે સૌર ક્ષેત્ર અને પવન ઊર્જા જેવા નવીનીકરણીય ઊર્જા સ્ત્રોતોના વિકાસને પણ સમર્થન આપે છે.

## રાષ્ટ્રીય સુરક્ષામાં વધારો

સ્ટીલ ક્ષેત્ર ભારતના સંરક્ષણ અને એરોસ્પેસ ક્ષેત્રો માટે વ્યૂહાત્મક સામગ્રી પ્રદાન કરે છે.

- જેમ કે આર્મર પ્લેટ્સ, બુલેટપ્રૂફ વેસ્ટેસ, મિસાઈલ્સ, રોકેટ, સેટેલાઈટ વગેરે.
- આ ક્ષેત્ર મહત્ત્વપૂર્ણ સંરક્ષણ વસ્તુઓની આયાત પરની ભારતની નિર્ભરતાને ઘટાડવામાં પણ મદદ કરે છે.

**નોંધ :** (1) સરકારે રોકાણને આકર્ષિત કરતી વિશેષ સ્ટીલના ઉત્પાદન અને ક્ષેત્રમાં તકનીકી પ્રગતિને પ્રોત્સાહન આપવા માટે 5 વર્ષના સમયગાળા માટે રૂ.6322 કરોડના ખર્ચને મંજૂરી આપી છે.

(2) ભારત સરકારે રાષ્ટ્રીય સ્ટીલ નીતિ, 2017 ઘડ્યું હતું. જે 2030-31 સુધી માંગ અને પુરવઠા બંને બાજુએ ભારતીય સ્ટીલ ઉદ્યોગ માટે લાંબા ગાળાની વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે એક વ્યાપક રોડમેપ પ્રદાન કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# સાવિત્રીબાઈ ફૂલે જન્મજયંતિ

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાવિત્રીબાઈ ફૂલેને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી હતી.

## સાવિત્રીબાઈ ફૂલે

શ્રીમતી સાવિત્રીબાઈ જ્યોતિરાવ ફુલેનો જન્મ 3 જાન્યુઆરી, 1831ના રોજ મહારાષ્ટ્રના સતારા જિલ્લાના નાઈગાવ ખાતે થયો હતો.

- શ્રીમતી સાવિત્રીબાઈ ફુલે ભારતના પ્રથમ મહિલા શિક્ષક હતા. તથા સમાજ સુધારક, શિક્ષણવિદ્ અને મહારાષ્ટ્રના કવિ હતા.
- સાવિત્રીબાઈ ફુલેના લગ્ન 1840માં જ્યોતિબા ફુલે સાથે થયા હતા.
- જ્યોતિબા ફુલે (મહાત્મા)ને મહારાષ્ટ્ર અને ભારતમાં સમાજ સુધારણા ચળવળની સૌથી મહત્વપૂર્ણ વ્યક્તિ ગણવામાં આવે છે.

- સાવિત્રીબાઈ ફુલે ભારતની પ્રથમ ગર્લ્સ સ્કૂલના પ્રથમ આચાર્ય અને પ્રથમ કિશાન શાળાના સ્થાપક હતા.
- <u>વર્ષ 1852</u>માં મહિલાઓના અધિકારો અંગે જાગૃતિ વધારવા માટે '<u>મહિલા સેવા મંડળ</u>'ની શરૂઆત કરી હતી.
- આ ઉપરાંત વંચિત સમુદાયો માટે '<u>ગો, ગેટ એજ્યુકેશન</u>' કવિતાની રચના કરી હતી.






## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ બ્રેઈલ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 1 જાન્યુઆરી (B) 2 જાન્યુઆરી (C) 3 જાન્યુઆરી (D) 4 જાન્યુઆરી

**(D)**

2. નીચના પૈકી કોણે અંધજનો વાંચી શકે તેવી લિપી તૈયાર કરી હતી ?

(A) બ્રેઈલ લુઈસ (B) એડિસન (C) એલેક્ઝાન્ડર (D) આઈઝેક પીટમેન

**(A)**

3. તાજેતરમાં ભારતે 'SKAO' માટે ઔપચારિક રીતે હસ્તાક્ષર કર્યા હતા. આ SKAO વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'સ્કવેર કિલોમીટર એરે ઓબ્ઝર્વેટરી' છે.
2. તે એક આંતર–સરકારી સંસ્થા છે, તેનું મુખ્ય મથક યુનાઈટેડ કિંગ્ડમમાં આવેલું છે.
3. તે વિશ્વના સૌથી મોટા રેડિયો ટેલિસ્કોપનું નિર્માણ કરવા માટે એક મહત્ત્વાકાંક્ષી બહુરાષ્ટ્રીય પહેલ છે.
4. આ પહેલ અંતર્ગત જાપાન અને રશિયામાં હજારો ટેલિસ્કોપ એન્ટેનાનો વિશાળ સંગ્રહ સ્થાપિત કરવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 1 અને 2 (D) 1, 2, 3 અને 4

**(A)**

4. ભારત વિશ્વમાં સ્ટીલના કેટલામાં સૌથી મોટા ઉત્પાદક તરીકે ઉભરી આવ્યું છે ?

(A) બીજા (B) ત્રીજા (C) ચોથા (D) પાંચમાં

**(A)**

5. શ્રીમતી સાવિત્રીબાઈ ફૂલે વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તેમનો જન્મ 3 જાન્યુઆરી, 1831ના રોજ મહારાષ્ટ્રના સતારા જિલ્લાના નાઈગાવ ખાતે થયો હતો.
(B) તેમણે 1851માં મધ્યપ્રદેશના ભોપાલમાં 'રાષ્ટ્રીય ગર્લ્સ સ્કૂલ'ની સ્થાપના કરી હતી.
(C) (A) અને (B) બંને સાચા
(D) (A) અને (B) બંને ખોટા

**(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ડેઝર્ટ સાયક્લોન 2024 : ભારત - યુએઈ



ભારતીય અને UAEની સેનાઓએ 2 જાન્યુઆરી, 2024થી રાજસ્થાનમાં 'ડેઝર્ટ સાયક્લોન' (DESERT CYCLONE) નામની પ્રથમ સંયુક્ત લશ્કરી તાલીમ કવાયત શરૂ કરી છે.

- આ કવાયતનો હેતુ રણ વિસ્તારોમાં આતંકવાદ વિરોધી ક્ષમતાઓને વધારવાનો છે.
- રાજસ્થાનમાં મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે આયોજિત 14 દિવસીય મેગા કવાયતમાં ભારતના મિકેનાઈઝ્ડ ઈન્ફન્ટ્રી અને UAEની ઝાયેદ ફર્સ્ટ બ્રિગેડના 45થી વધુ સૈનિકો ભાગ લઈ રહ્યા છે.
- કવાયતનો ઉદ્દેશ્ય શાંતિ જાળવણી કામગીરી પર સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના પ્રકરણ VII હેઠળ રણ/અર્ધરણના ભૂપ્રદેશમાં બિલ્ટ–અપ એરિયા (FIBUA)માં લડાઈ સહિતની પેટા–પરંપરાગત કામગીરીમાં આંતરપ્રક્રિયાને વધારવાનો છે.
- આ કવાયત શાંતિ જાળવણી કામગીરી દરમિયાન બંને પક્ષો વચ્ચે સહકાર અને આંતરકાર્યક્ષમતા વધારશે.
- આ કવાયત દરમિયાન રિહર્સલ કરવાની યોજના ઘડી છે જેમાં સંયુક્ત સર્વેલન્સ સેન્ટરની સ્થાપના, કોર્ડન અને સર્ચ ઓપરેશન, બિલ્ટ અપ એરિયાનું વર્ચસ્વ અને હેલિબોર્ન ઓપરેશનનો સમાવેશ થાય છે.
- કવાયત 'DESERT CYCLONE' એ ભારત અને UAE વચ્ચે મિત્રતા અને વિશ્વાસના બંધનોને વધુ મજબૂત કરવાનો સંકેત આપે છે.
- આ કવાયતનો ઉદ્દેશ્ય બે મૈત્રીપૂર્ણ રાષ્ટ્રો વચ્ચે સહિયારા સુરક્ષા હેતુઓને હાંસલ કરવાનો અને દ્વિપક્ષીય સંબંધોને પ્રોત્સાહન આપવાનો છે.

## બક્સા ટાઈગર રિઝર્વ : પશ્ચિમ બંગાળ



પશ્ચિમ બંગાળના બક્સા (બુક્સા) ટાઈગર રિઝર્વ (BTR)માં 23 વર્ષના અંતરાલ પછી બે વર્ષમાં બીજી વખત વાઘનું પુનરાગમન જોવા મળ્યું છે, જેનાથી ઈકોસિસ્ટમ સમૃદ્ધ થશે અને વાઘની વસતીમાં વધારો થશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બક્સા ટાઈગર રિઝર્વ

બક્સા ટાઈગર રિઝર્વ અને નેશનલ પાર્ક 760 ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું છે અને ઉત્તર બંગાળના અલીપુરદ્વારા જિલ્લામાં આવેલું છે.

- બક્સા ટાઈગર રિઝર્વની ઉત્તરીય સીમા ભૂટાન સાથેની આંતરરાષ્ટ્રીય સરહદ સાથે છે.
- સિંચુલા પર્વતમાળા બક્સા રાષ્ટ્રીય ઉદ્યાનની ઉત્તરી ધાર પર સ્થિત છે. અને પૂર્વ સરહદ આસામ રાજ્યને સ્પર્શે છે.
- નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA) અનુસાર બક્સા ટાઈગર રિઝર્વની કોરિડોર કનેક્ટિવિટી સીમાઓ ઉત્તરમાં ભૂટાનના જંગલો, પૂર્વમાં કોચુગાંવના જંગલો અને માનસ ટાઈગર રિઝર્વ અને પશ્ચિમમાં જલદાપારા નેશનલ પાર્કને સ્પર્શે છે.
- તેની પ્રબળ વૃક્ષ પ્રજાતિઓમાં સાલ, ચેમ્પ, ગમાર, સિમુલ અને ચિકરાસીનો સમાવેશ થાય છે, જે અનામતની વૈવિધ્યસભર અને ગતિશીલ ઈકોસિસ્ટમમાં ફાળો આપે છે.
- તેની પ્રાથમિક વન્યજીવ પ્રજાતિઓમાં એશિયન હાથી, વાઘ, ગૌર (ભારતીય બાઈસન), જંગલી ડુકર, સાબર અને જંગલી કૂતરો (ધોલ)નો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 'Why Bharat Matters' પુસ્તક

ભારતના વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં તેમનું પુસ્તક 'Why Bharat Matters'નું વિમોચન કર્યુ હતું.




- આ પુસ્તક વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા એક દાયકામાં વિદેશ નીતિમાં ભારતના પરિવર્તનની સાથે સંબંધિત છે.
- તે રામાયણ સાથે ભારતના ઉત્ક્રાંતિને પણ જોડે છે.
- આ પુસ્તક માનવતાના વિશાળ કલ્યાણ તેમજ વિશ્વ મિત્ર તરીકે તેની પોતાની સમૃદ્ધિ માટે આગળ વધવા માટે ભારતના સંકલ્પને પ્રકાશિત કરે છે.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ડેઝર્ટ સાયક્લોન 2024' શું છે ?

(A) ભારત–યુએસ વચ્ચેની સંયુક્ત લશ્કરી કવાયત

(B) ભારત–UAE વચ્ચેની સંયુક્ત લશ્કરી કવાયત

(C) ભારત–ઓમાન વચ્ચેની સંયુક્ત લશ્કરી કવાયત

(D) ભારત–જાપાન વચ્ચેની સંયુક્ત લશ્કરી કવાયત (B)

2. તાજેતરમાં ભારત અને UAEની સેનાઓ વચ્ચે 'ડેઝર્ટ સાયક્લોન' (DESERT CYCLONE) નામની પ્રથમ સંયુક્ત લશ્કરી કવાયત કયાં યોજાઈ હતી ?

(A) મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જ, રાજસ્થાન

(B) મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જ, મહારાષ્ટ્ર

(C) મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જ, ઉત્તરાખંડ

(D) મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જ, અરૂણાચલ પ્રદેશ (A)

3. તાજેતરમાં સમાચારમાં રહેલ 'બક્સા (બુક્સા) ટાઈગર રિઝર્વ' કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) અરૂણાચલ પ્રદેશ (B) ઉત્તરપ્રદેશ (C) ઝારખંડ (D) પશ્ચિમ બંગાળ (D)

4. તાજેતરમાં પ્રકાશિત થયેલ 'Why Bharat Matters' પુસ્તકના લેખક કોણ છે ?

(A) શ્રી અમિતભાઈ શાહ (B) શ્રીમતી નિર્મલા સીતારામન

(C) શ્રી એસ. જયશંકર (D) શ્રી રાજનાથસિંહ (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 06 જાન્યુઆરી, વિશ્વ યુદ્ધ અનાથ દિવસ

## આશા માદા ચિત્તાએ કૂનો નેશનલ પાર્કમાં ત્રણ બચ્ચાને જન્મ આપ્યો



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા નામ આપવામાં આવેલી 'આશા' માદા ચિત્તાએ મધ્યપ્રદેશના કુનો નેશનલ પાર્કમાં ત્રણ બચ્ચાને જન્મ આપ્યો હતો.

- આ મહત્ત્વપૂર્ણ ઘટના ભારતમાં ચિત્તા પુનઃસ્થાપન પ્રોજેક્ટ માટે એક સીમાચિહ્નરૂપ છે.
- નોંધનીય છે કે ચિત્તા પ્રોજેક્ટ હેઠળ સપ્ટેમ્બર, 2022માં કુનો નેશનલ પાર્કમાં આઠ ચિત્તાઓને પ્રથમ વખત નામીબીયાથી લાવવામાં આવ્યા હતા.
- ત્યારબાદ ફેબ્રુઆરી, 2023માં દક્ષિણ આફ્રિકાથી 12 ચિત્તા લાવવામાં આવ્યા હતા.

**નોંધ :** (1) તાજેતરમાં નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA)એ 'પ્રોજેક્ટ ચિત્તા' હેઠળ આફ્રિકાથી ચિત્તાઓને ભારતમાં સ્થળાંતરિત કરવા માટે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન સાથે સમજૂતિ કરાર (MOU) પર હસ્તાક્ષર કર્યા હતા.

(2) NTCAની 19મી બેઠક દરમિયાન પર્યાવરણ મંત્રાલયે 'ભારતમાં ચિત્તા પરિચય માટે એક્શન પ્લાન' જાહેર કર્યો હતો.

(3) આ એક્શન પ્લાન હેઠળ આગામી 5 વર્ષમાં નામિબિયામાંથી 50 આફ્રિકન ચિત્તા ભારતમાં ટ્રાન્સફર કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ચિત્તા વિશે

ચિત્તો એ બિલાડીની સૌથી જૂની જાતિઓમાંનો એક છે.

- જેના પૂર્વજો પાંચ મિલિયન કરતા પણ વધુ વર્ષો પહેલા મિયોસિન યુગમાં શોધી શકાય છે.
- ચિત્તા એ વિશ્વના સૌથી ઝડપી ભૂમિ સસ્તન પ્રાણી છે.
- તે 80 થી 128 કિમી/કલાકની ઝડપે દોડવા સક્ષમ હોવાનો અંદાજ છે.

### આફ્રિકન ચિત્તા

આફ્રિકન ચિત્તાનું વૈજ્ઞાનિક નામ 'Acinonyx Jubatus' છે.



- તેમની ત્વચા સહેજ ભૂરા અને સોનેરી રંગની હોય છે જે એશિયાટિક ચિત્તા કરતા જાડી હોય છે.
- તેમના ચહેરા પર એશિયન પ્રજાતિઓ કરતા ઘણા વધુ ફોલ્લીઓ અને રેખાઓ છે.
- તે સમગ્ર આફ્રિકન ખંડમાં હજારોની સંખ્યામાં જોવા મળે છે.
- સંરક્ષણ સ્થિતિ :

(1) IUCN રેડ લિસ્ટ : સંવેદનશીલ, (2) CITESની યાદી : સૂચિનું પરિશિષ્ટ–I,

(3) વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ, 1972 (WPA) : પરિશિષ્ટ–II

## એશિયાટિક ચિત્તા

એશિયાટિક ચિત્તાનું વૈજ્ઞાનિક નામ 'Acinonyx Jubatus Veneticus' છે.



- તેનું કદ આફ્રિકન ચિત્તા કરતા નાનુ છે.
- એશિયાટિક ચિત્તાના શરીર પર ખૂબ જ રૂંવાટી હોય છે.
- તથા ટૂંકુ માથુ અને લાંબી ગરદન અને આંખો સામાન્ય રીતે લાલ હોય છે તથા ઘણીવાર બિલાડીઓ જેવા દેખાય છે.
- એશિયાટિક ચિત્તા ફક્ત ઈરાનમાં જ જોવા મળે છે. જે થોડા માત્રામાં જ હવે રહ્યા છે.
- સંરક્ષણ સ્થિતિ :

(1) IUCN રેડ લિસ્ટ : ક્રિટિકલી એન્ડેન્જર્ડ, (2) CITES : પરિશિષ્ટ–I, (3) WPA : પરિશિષ્ટ–II

## કુનો નેશનલ પાર્ક

કુનો નેશનલ પાર્કની સ્થાપના વર્ષ 1981માં શિયોપુર અને મોરેના જિલ્લામાં 344.686 $km^2$ ના પ્રારંભિક વિસ્તાર સાથે વન્યજીવ અભ્યારણ્ય તરીકે કરવામાં આવી હતી.

- ત્યારબાદ વર્ષ 2018માં રાષ્ટ્રીય ઉદ્યાનનો દરજ્જો આપવામાં આવ્યો હતો.
- તેનું નામ કુનો નદીના નામ પરથી રાખવામાં આવ્યું છે. જે ચંબલ નદીની મુખ્ય ઉપનદીઓમાંની એક છે.
- તેમાં ચિતલ, સાંભર, નીલગાય, જંગલી ભૂંડ, ચિકારા, જંગલી બિલાડી, ભારતી વરુ વગેરે જેવા પ્રાણીઓ વસવાટ કરે છે.

# ULFA સાથે શાંતિ કરાર (Peace Agreement With ULFA)

યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસામ (ULFA)ના પ્રો–ટોક જૂથે તાજેતરમાં કેન્દ્ર અને આસામ સરકારો સાથે ત્રિપક્ષીય શાંતિ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

## શાંતિ કરારની મુખ્ય જોગવાઈઓ

### પૃષ્ઠભૂમિ

19મી સદીથી આસામની સમૃદ્ધ સંસ્કૃતિએ તેના વિકસતા ચા, કોલસા અને તેલ ઉદ્યોગો દ્વારા લાવવામાં આવેલા સ્થળાંતરકારોના ઘસારાને કારણે પડકારોનો સામનો કરવો પડ્યો છે.

- વિભાજન પછી પૂર્વ પાકિસ્તાન/બાંગ્લાદેશના શરણાર્થીઓ દ્વારા થતા આ પ્રવાહે સ્થાનિક વસતીમાં અસુરક્ષામાં વધારો કર્યો છે.
- સંસાધન સ્પર્ધાને કારણે છ વર્ષનું જન ચળવળ થયું હતું, જે 1885ના આસામ એકોર્ડમાં પરિણમ્યું જેનો ઉદ્દેશ્ય રાજ્યમાં વિદેશીઓના મુદ્દાઓને ઉકેલવાનો હતો.

### ULFAની ઉત્પત્તિ

ULFAની રચના વર્ષ 1979માં ભારત વિરુદ્ધ સશસ્ત્ર સંઘર્ષ દ્વારા સ્વતંત્ર આસામને ટેકો આપવા માટે કરવામાં આવી હતી.

- એક દાયકા કરતા વધુ સમય દરમિયાન ULFAએ સાર્વભૌમ આસામની સ્થાપના માટે અપહરણ અને હત્યાનો આશરો લઈને મ્યાનમાર, ચીન અને પાકિસ્તાનમાં સભ્યોની ભરતી અને તાલીમ આપી હતી.
- 1990માં સરકારના ઓપરેશન બજરંગના પરિણામે મોટી સંખ્યામાં ULFA બળવાખોરોને પકડી લેવામાં આવ્યા હતા.
- આ સમયગાળા દરમિયાન આસામને 'અવ્યવસ્થિત વિસ્તાર' જાહેર કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ રાષ્ટ્રપતિ શાસન લાદવું પડ્યું અને આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર્સ એક્ટ (AFSPA) લાગુ કરવો પડ્યો હતો.
- ULFA, ભારત સરકાર અને આસામ રાજ્ય સરકાર વચ્ચે મંત્રણા વર્ષ 2011માં શરૂ થઈ હતી.
- તાજેતરના શાંતિ કરાર મુજબ તેઓ સમાજના મુખ્ય વર્ગમાં પાછા ફરશે.
- સરકાર આસામીની ઓળખ, સંસ્કૃતિ અને જમીનના અધિકારોને લગતી ULFAની ચિંતાઓ દૂર કરશે અને આસામના સર્વાંગી વિકાસ માટે 1.5 લાખ કરોડનું રોકાણ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ક્રિકેટના ઈતિહાસની સૌથી ટૂંકી ટેસ્ટમાં ભારતનો વિજય



તાજેતરમાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બે ટેસ્ટ શ્રેણીનું આયોજન થયું હતું.

- જેમાં બીજી ટેસ્ટ મેચ માત્ર 642 બોલમાં (107 ઓવરો) પૂરી થઈ હતી.
- ક્રિકેટ ઈતિહાસની તે સૌથી ઓછી ઓવરો કે બોલમાં પરિણામ આવ્યું હોય તેવી ટેસ્ટ મેચ બની છે.
- અગાઉનો રેકોર્ડ 656 બોલનો 1931-32માં ઓસ્ટ્રેલિયા સાઉથ આફ્રિકા વચ્ચેનો હતો.
- અગાઉ ઘણી ટેસ્ટ ઓછા બોલમાં પૂરી થઈ છે, પરંતુ તે મેચો ડ્રો રહી હતી.
- જ્યારે સૌથી ટૂંકી ટેસ્ટમાં ટીમનો વિજય થયો હોય તેવી આ પ્રથમ ઘટના છે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'વિશ્વ યુદ્ધ અનાથ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 6 જાન્યુઆરી (B) 7 જાન્યુઆરી (C) 8 જાન્યુઆરી (D) 9 જાન્યુઆરી — (A)

2. મધ્યપ્રદેશના કુનો નેશનલ પાર્કમાં તાજેતરમાં ત્રણ બચ્ચાને જન્મ આપનાર માદા ચિત્તાનું નામ શું છે ?

(A) આદિમા (B) આર્યા (C) આશા (D) આદ્યા — (C)

3. ચિત્તા વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આફ્રિકન ચિત્તાનું વૈજ્ઞાનિક નામ'Acinonyx Jubatus' છે.
2. એશિયાટિક ચિત્તાનું વૈજ્ઞાનિક નામ 'Acinonyx Jubatus Veneticus' છે.
3. એશિયાટિક ચિત્તાનું કદ આફ્રિકન ચિત્તા કરતા નાનું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. તાજેતરમાં ULFA સાથે શાંતિ કરાર (Peace Agreement) કરવામાં આવ્યો હતો. તે કયા રાજ્યમાં સ્થિત જૂથ હતું ?

(A) ત્રિપુરા (B) અરૂણાચલ પ્રદેશ (C) છત્તીસગઢ (D) આસામ — (D)

5. તાજેતરમાં ક્રિકેટના ઈતિહાસમાં સૌથી ટૂંકી ટેસ્ટમાં ભારતનો વિજય થયો હતો. આ ટેસ્ટ મેચ કોની વિરુદ્ધ હતી ?

(A) દક્ષિણ આફ્રિકા (B) ઓસ્ટ્રેલિયા (C) શ્રીલંકા (D) બાંગ્લાદેશ — (A)

# NEWS IN SHORTS

## ગુજરાત

- **વાયબ્રન્ટ અમદાવાદ ફ્લાવર શો 2024**



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 30 ડિસેમ્બર, 2023ના રોજ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે જાહેર જનતા માટે 'વાયબ્રન્ટ અમદાવાદ ફ્લાવર શો–2024'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું. ઉદ્‌ઘાટન બાદ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ ફ્લાવર શોની વિવિધ વિશેષતાઓ નિહાળી હતી. વાયબ્રન્ટ અમદાવાદ ફ્લાવર શો 2024ની મુખ્ય વિશેષતાઓમાં વડનગરની કમાનની પ્રતિકૃતિ દર્શાવતું મનમોહક પ્રવેશદ્વાર છે. વધુમાં અગ્રણી આકર્ષણોમાં સરદાર વલ્લભભાઈ પટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતિઓ, નવું સંસદભવન, મોઢેરા સૂર્યમંદિર, ચંદ્રયાન-3, સાત ઘોડાઓ અને ઓલિમ્પિક પ્રતિકૃતિઓનો સમાવેશ થાય છે. વધુમાં આ ફ્લાવર શોમાં 15 લાખથી વધુ વિવિધ ફૂલોના છોડનો પ્રભાવશાળી સંગ્રહ રજૂ કરવામાં આવ્યો હતો.

- **ખેલ મહાકુંભ 2.0**



અમદાવાદના ટ્રાન્સસ્ટેડિયા ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ખેલ મહાકુંભ 2.0નો ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ વચ્ચે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આ પ્રસંગે પેરા એશિયન ગેમ્સ 2023માં વિજેતા થયેલા પેરા ખેલાડી સહિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિજેતા ખેલાડીઓને ખેલ પ્રતિભા રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ખેલ મહાકુંભ 2.0માં કુલ 39 સ્પોર્ટ્સ ઈવેન્ટમાં 66 લાખથી વધુ ખેલાડીઓ ભાગ લેશે. આ વર્ષે ખેલ મહાકુંભમાં ઈનામની રકમ વધારીને કુલ રૂ.45 કરોડ કરવામાં આવી છે. ઉપરાંત હવે તાલુકા કક્ષાના વિજેતાઓને પણ રોકડ પુરસ્કાર આપવામાં આવશે. કુલ 7 વયજૂથમાં વિવિધ રમતોમાં ખેલાડીઓ ભાગ લેશે. અને પ્રથમવાર ખેલાડી એકસાથે બે રમતોમાં ભાગ લઈ શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. ખેલ મહાકુંભ 2010માં 15 લાખ ખેલાડીઓની સહભાગી સાથે શરૂ થયો હતો, તે હવે 60 લાખ ખેલાડીઓની ભાગીદારી સાથે આગળ વધ્યો છે. શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે DLSS હેઠળ 4,890 ખેલાડીઓની તાલીમ માટે વિદ્યાર્થી દીઠ રૂ.1.63 લાખનું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ગુજરાતના જંગલોમાં વરુ**



કેદમાં ઉછેરેલા અને પ્રશિક્ષિત વરુઓને ફરીથી જંગલમાં લાવવાનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ સફળતાના પ્રારંભિક સંકેતો દર્શાવે છે. ગુજરાતના વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રોજેક્ટ, કેદમાં ઉછરેલા વરુઓને જંગલમાં દાખલ કરવા માટે યુ.એસ.ની બહાર આ પ્રકારનો પ્રથમ પ્રોજેક્ટ છે. તેનો ઉદ્દેશ્ય વરુઓની વસતીને પુનઃસ્થાપિત કરવાનો છે, જ્યાં તેઓ બાયોકંટ્રોલ એજન્ટ તરીકે ભૂમિકા ભજવી શકે છે જે નીલગાય અને જંગલી ડુક્કર જેવા જંગલી શાકાહારીઓની વસતીને નિયંત્રણમાં રાખે છે. વરુ એ શ્વાન પરિવાર કેનિડેના સૌથી મોટા સભ્યો છે, જે તેમના આકર્ષક શરીર, જાડા રૂવાંટી તીક્ષ્ણ આખો, મજબૂત જડબા, તીક્ષ્ણ કાન અને લાંબી જાડી પૂંછડીઓ માટે જાણીતા છે, જે તેમના ભયાનક દેખાવમાં વધારો કરે છે.

## ભારત

➤ **ભારતમાં વાઘોના મૃત્યુ**

બિન–લાભકારી સંસ્થા વાઈલ્ડલાઈફ પ્રોટેકશન સોસાયટી ઓફ ઈન્ડિયા (WPSI) દ્વારા અહેવાલ મુજબ ભારતમાં વાઘના મૃત્યુમાં ચિંતાજનક વધારો જોવા માટે તૈયાર છે, જે વર્ષ 2023માં રેકોર્ડ 204 પર પહોંચી ગયો છે, જેના કારણે આ જીવોના સંરક્ષણના પ્રયાસો અંગે ચિંતા વધી છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ વાઘના મૃત્યુ નોંધાયા છે, જેમાં 52 મૃત્યુ થયા છે. ભારતના ટોચના વાઘ રાજ્ય મધ્યપ્રદેશમાં 45 મૃત્યુ થયા હતા, જે સંરક્ષણ વધારવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. ઉત્તરાખંડમાં 26 મૃત્યુ નોંધાયા હતા. તમિલનાડુ અને કેરળમાં અનુક્રમે 15 વાઘના મૃત્યુ નોંધાયા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **પ્રસાર ભારતીએ મલેશિયા સાથે MoU પર હસ્તાક્ષર કર્યા**

ભારતીય કેબિનેટે નવેમ્બર, 2023માં ભારતની પ્રસાર ભારતી અને રેડિયો ટેલિવિઝન મલેશિયા (RTM) વચ્ચે હસ્તાક્ષર કરાયેલા સમજૂતી પત્ર (MoU)ને મંજૂરી આપી છે. હાલમાં વિવિધ દેશો સાથે પ્રસાર ભારતી દ્વારા હસ્તાક્ષર કરાયેલ MoUની સંખ્યા 46 પર પહોંચી ગઈ છે. આ MoU વૈશ્વિક સ્તરે માહિતીનું આદાન–પ્રદાન કરવા, આંતરરાષ્ટ્રીય બ્રોડકાસ્ટર્સ સાથે ભાગીદારીને પ્રોત્સાહન આપવા અને તકનીકી માંગને અપનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પ્રસાર ભારતી ભારતની સૌથી મોટી જાહેર પ્રસારણ એજન્સી છે. તે 1977માં પ્રસાર ભારતી અધિનિયમ દ્વારા સ્થાપિત એક વૈધાનિક સ્વાયત સંસ્થા છે, અને તેમાં દૂરદર્શન ટેલિવિઝન નેટવર્ક અને ઓલ ઈન્ડિયા રેડિયોનો સમાવેશ થાય છે, જે અગાઉ માહિતી અને પ્રસારણ મંત્રાલયના મીડિયા એકમો હતા.

➤ **સાગર પરિક્રમાની 10મી આવૃત્તિનું ઉદ્‌ઘાટન**

ભારતના મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલાએ સાગર પરિક્રમાની 10મી આવૃત્તિનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. સાગર પરિક્રમા એ માછીમારોમાં સરકારી કલ્યાણકારી યોજનાઓ વિશે જાગૃતિ ફેલાવવા માટે દરિયાકાંઠાની સફર છે. 15 દિવસની યાત્રા આંધ્રપ્રદેશ અને પુડુચેરીના માછીમારી બંદરો અને ગામડાઓમાં ફેલાયેલી છે. સાગર પરિક્રમા માછીમારી સમુદાયને વધુ સશક્ત બનાવવા સરકારના વ્યવહારિક અભિગમનું પ્રતિક છે.

➤ **ભારતીય વૈજ્ઞાનિકોએ ઈકો-ફ્રેન્ડલી સોલાર સેલ સામગ્રી વિકસાવી**

ભારતીય વૈજ્ઞાનિકોએ એક નવીન સૌર સંચયન સામગ્રી બનાવી છે. જે ઝેરીલા સીસાની જગ્યાએ ગ્રીન મેગ્નેશિયમનો ઉપયોગ કરે છે. તે સસ્તું અને ટકાઉ ફોટોવોલ્ટેઈક્સ અને નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે. પેરોવસ્ટાઈક સૌર કોષોએ ઓછી કિંમતે જબરદસ્ત કાર્યક્ષમતા દર્શાવી છે. મુખ્ય પ્રવાહના સંસ્કરણો ઝેરી લીડ ધરાવતા ફોર્મ્યુલેશનનો ઉપયોગ કરે છે, જે આરોગ્ય અને પર્યાવરણ માટે જોખમી છે. હૈદરાબાદમાં ઈન્ટરનેશનલ એડવાન્સ રિસર્ચ સેન્ટર ફોર પાઉડર મેટલર્જી એન્ડ ન્યૂ મટિરિયલ્સના વૈજ્ઞાનિકોએ આ પડકાર ઉકેલ્યો છે. સંશોધકોએ આ નવા MAPB0.5CL2L પેરોવસ્ટાઈક ફોર્મ્યુલાનો ઉપયોગ કરીને એક સરળ સૌર સેલ આર્કિટેક્ચરની પણ પહેલ કરી છે.

➤ **ભારત-ઈટાલી સ્થળાંતર અને મુવમેન્ટ એગ્રીમેન્ટ**



તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે ભારત અને ઈટાલી વચ્ચેના સ્થળાંતર/પ્રવાસ અને મૂવમેન્ટના કરારને પૂર્વ વ્યાપી મંજૂરી આપી હતી. આ કરાર ભારત અને ઈટાલી વચ્ચે લોકો–થી–લોકોના સંબંધોને ગાઢ બનાવતી વખતે અનિયમિત સ્થળાંતર સંબંધિત સહકારને મજબૂત કરવા માટે સુયોજિત છે. તે વિદ્યાર્થીઓ, કુશળ કામદારો, ઉદ્યોગપતિઓ અને યુવા વ્યાવસાયિકો સહિત વસતીના વિવિધ વિભાગો વચ્ચે વિનિમય અને સહકારને પ્રોત્સાહન આપે છે. ઈટાલીમાં શૈક્ષણિક/વ્યાવસાયિક તાલીમ પૂર્ણ કર્યા પછી પ્રારંભિક વ્યાવસાયિક અનુભવ મેળવવા ઈચ્છતા ભારતીય વિદ્યાર્થીઓને 12 મહિના સુધી અસ્થાયી નિવસની મંજૂરી આપવામાં આવી શકે છે. આ કરાર બિન–મોસમી અને મોસમી ભારતીય કામદારો માટે ક્વોટાની રૂપરેખા આપે છે, જેમાં વર્તમાન ફ્લો ડિક્રી હેઠળ વર્ષ 2023-2025 માટે અનામત ક્વોટા મર્યાદાનો સમાવેશ થાય છે. કરાર સમાપ્ત થાય ત્યાં સુધી સ્વચાલિત નવીકરણની સાથે 5 વર્ષ સુધી અમલમાં રહેશે.

➤ **ભારતીય નૌકાદળનું સ્વદેશીકરણ : છત્રપતિ શિવાજી મહારાજની નૌકાદળથી પ્રેરિત ઈપોલેટ્સ જાહેર**

ભારતીય નૌકાદળે છત્રપતિ શિવાજી મહારાજના વારસામાંથી પ્રેરણા લઈને મહત્ત્વપૂર્ણ ફેરફારો કર્યા છે. હવે એડમિરલના ખભાની તકતી (એડમીરલની ઈપોલેટ) નવી ડિઝાઈનમાં જોવા મળશે. નવા ઈપોલેટ્સમાં ગયા વર્ષે ધ્વજમાં ઉમેરવામાં આવેલા નેવલ ક્રેસ્ટમાંથી લેવામાં આવેલ અષ્ટકોણ છે. તેના ઉપરના સ્ટાર એડમિરલ રેન્ક સૂચવે છે. ખભાના ચિહ્નમાં ફેરફારની સાથે નેવી અંગ્રેજી પરંપરાઓને બદલે ભારતીય પરંપરાઓને પ્રતિબિંબિત કરવા ઓફિસર રેન્કના નામમાં ફેરફાર કરશે. એડમિરલ માટે ભારતીય નૌકાદળ દ્વારા ડિઝાઈન કરાયેલા ખભાના નવા પટ્ટાઓ છત્રપતિ શિવાજી મહારાજના નૌકાદળના ચિહ્ન અને મુદ્રાથી પ્રેરિત છે. તેમાં મુખ્યત્વે પાંચ ગુણ છે. પ્રથમ સોનેરી નેવી બટન છે, બીજુ અશોક મુદ્રા સાથે અષ્ટકોણ છે, ત્રીજું તલવાર છે, ચોથું ટેલિસ્કોપ છે અને પાંચમું અધિકારીઓની રેન્ક અનુસાર વોટર સ્ટાર્સ છે. તેમાં રીઅર એડમિરલના પટ્ટામાં બે સ્ટાર હશે પરંતુ પટ્ટાની રૂપરેખા કાળી હશે. સર્જ રીઅર એડમિરલની તકતીમાં પણ બે સ્ટાર હશે, પરંતુ આ તકતીની રૂપરેખા લાલ હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ભારતે ઓટો PLI યોજનાનો કાર્યકાળ લંબાવ્યો**

ભારે ઉદ્યોગ મંત્રાલયે ઓટોમોબાઈલ અને ઓટો કમ્પોનન્ટ્સ માટેની પ્રોડક્શન લિન્ક્ડ ઈન્સેન્ટિવ (PLI) યોજનાની મુદત એક વર્ષ સુધી લંબાવવાની જાહેરાત કરવા માટે ગેઝેટ નોટિફિકેશન બહાર પાડ્યું છે. એમ્પાવર્ડ ગ્રુપ ઓફ સેક્રેટરીઝ (EGOS)ની મંજૂરી મળ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. વધુમાં સુધારેલા નિયમો મંજૂર અરજદારોને વધારાની સ્પષ્ટતા અને છૂટ આપે છે. સંશોધિત યોજના હેઠળ પ્રોત્સાહન નાણાકીય વર્ષ 2023-24થી શરૂ થતા કુલ સતત પાંચ નાણાકીય વર્ષ માટે લાગુ થશે. પ્રોત્સાહનનું વિતરણ આગામી નાણાકીય વર્ષ 2024-25માં થશે. આ યોજના એ પણ સ્પષ્ટ કરે છે કે મંજૂર અરજદાર સતત પાંચ નાણાકીય વર્ષ માટે લાભો માટે પાત્ર હશે, પરંતુ 31 માર્ચ 2028ના રોજ સમાપ્ત થતા નાણાકીય વર્ષથી આગળ નહીં એક્સ્ટેંશન કંપનીઓને સ્થાનિક ઉત્પાદન અને નિકાસને વેગ આપવા માટે રૂ.25,938 કરોડના PLI ભંડોળનો લાભ લેવા માટે વધુ સમય આપે છે.

➤ **ફોજદારી ન્યાય ડેટા પ્લેટફોર્મના ઉપયોગમાં ઉત્તરપ્રદેશ ટોચ પર**

ભારતની ઈન્ટર–ઓપરેબલ ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ (ICJS)નો સૌથી વધુ ઉપયોગ નોંધવામાં ઉત્તરપ્રદેશ સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમે છે. આ ડિજિટલ પ્લેટફોર્મ કોર્ટ, પોલીસ, જેલો અને ફોરેન્સિક લેબોરેટરીમાં સીમલેસ ડેટા શેરિંગને સક્ષમ કરે છે. ICJS પ્લેટફોર્મ ફોજદારી ન્યાય પ્રણાલીના વિવિધ સ્તંભોને સામાન્ય માહિતીને એક્સેસ કરવાની મંજૂરી આપે છે, જેમ કે પ્રાથમિક, પરીક્ષણ રેકોર્ડ, કોર્ટના નિર્ણયો, ફરિયાદી નિવેદન, ફોરેન્સિક ડેટા વગેરે. તેનાથી કેસ દાખલ કરવાથી લઈને સજા સુધીના સુવ્યવસ્થિત ટ્રેકિંગની સુવિધા મળે છે.

➤ **વેટલેન્ડ સિટી સર્ટિફિકેશન**




પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે તાજેતરમાં વેટલેન્ડ સિટી એક્રેડિટેશન (WCA) માટે ભારતના ત્રણ શહેરો માટે નામાંકન પ્રસ્તુત કર્યા છે. નામાંકિત શહેરોમાં ઈન્દોર (મધ્યપ્રદેશ), ભોપાલ (મધ્યપ્રદેશ) અને ઉદયપુર (રાજસ્થાન)નો સમાવેશ થાય છે. મંત્રાલય દ્વારા ચાલી રહેલી અમૃત ધરોહર પહેલ રામસર સાઈટ્સના સંરક્ષણ મૂલ્યોને પ્રોત્સાહન આપીને WCA લક્ષ્યોને અનુરૂપ છે. વેટલેન્ડ સિટી એક્રેડિટેશન (WCA) એ 12 ઓગસ્ટ, 2015ના રોજ કોન્ફરન્સ ઓફ ધ કોન્ટ્રાક્ટીંગ પાર્ટીઝ (COP) દરમિયાન રામસર સંમેલન દ્વારા સ્થાપિત સ્વૈચ્છિક માન્યતા પ્રણાલી છે જે શહેરોને ઓળખવા માટે કે જેમણે તેમના શહેરી વેટલેન્ડના રક્ષણ માટે અસાધારણ પગલા લીધા છે.

ICE INSTITUTE OF FOR COMPETITIVE EXAMS ®

➤ **ભારત સરકારે ફ્રી મૂવમેન્ટ રેજીમ (FMR) - મ્યાનમાર સાથે સમાપ્ત કરી**

ભારત સરકારે ફ્રી મૂવમેન્ટ રેજીમ (FMR)ને સમાપ્ત કરવાનો નિર્ણય લીધો છે, જે ભારત–મ્યાનમાર સરહદ પર રહેતા લોકોને એકબીજાના પ્રદેશના 16 કિ.મી. સુધી વિઝા–મુક્ત પ્રવેશની મંજૂરી આપે છે. સરહદને સંપૂર્ણપણે સીલ કરવા માટે ઉન્નત ફેન્સિંગ સ્થાપિત કરવામાં આવશે. ફ્રી મૂવમેન્ટ રેજીમ (FMR), 2018થી અમલમાં છે, બંને બાજુએ રહેતા આદિવાસીઓને વાર્ષિક બોર્ડર પાસના આધારે વિઝા વિના સરહદ પાર 16 કિ.મી. સુધી મુસાફરી કરવાની મંજૂરી આપે છે. તેનો ઉદ્દેશ્યો સાંસ્કૃતિક સંબંધોને મજબૂત કરવાનો હતો.

➤ **ભારતમાલા તબક્કો-1 : સમયમર્યાદા લંબાવાઈ**

તાજેતરમાં ભારત સરકારે મુખ્ય હાઈવે ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ભારતમાલા પરિયોજના તબક્કા-1ને સત્ર 2027-28 સુધી પૂર્ણ કરવાની સમયમર્યાદા છે. મેગા પ્રોજેક્ટની અંદાજિત કિંમતમાં 100%થી વધુ વધારો થયા બાદ આ પગલું લેવામાં આવ્યું છે. અને તે અમલીકરણની ધીમી ગતિ અને નાણાકીય અવરોધોને દર્શાવે છે. ભારતમાલા પરિયોજના એ માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય હેઠળ શરૂ કરાયેલ એક વ્યાપક કાર્યક્રમ છે. ભારતમાલાના પ્રથમ તબક્કાની જાહેરાત વર્ષ 2017માં કરવામાં આવી હતી. અને તે વર્ષ 2022 સુધીમાં પૂર્ણ થવાની હતી.

➤ **ERNET India વેબ પોર્ટલ**

ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયે તાજેતરમાં શૈક્ષણિક સંસ્થાઓ માટે ભારતનું નવું સંકલિત વેબ પોર્ટલ ERNETનું અનાવરણ કર્યુ છે, જે ડોમેન નોંધણી, ડોમેન નેમ સિસ્ટમ (DNS) અને મૂલ્યવર્ધિત સેવાઓ પ્રદાન કરે છે. આ પોર્ટલમાં વેબસાઈટ એઝ એ સર્વિસ (Waas) અને લર્નિંગ મેનેજમેન્ટ એઝ એ સર્વિસ (LMaas)નો સમાવેશ થાય છે, જે વપરાશકર્તાઓને વિવિધ ટેમ્પલેટનો ઉપયોગ કરીને કસ્ટમાઈઝડ વેબસાઈટ્સ અને લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ બનાવવાની મંજૂરી આપે છે. ERNET India ઈલોક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલય હેઠળ બિન–લાભકારી વૈજ્ઞાનિક સોસાયટી છે. તે ac.in, edu.in અને Res.in ડોમેન નામો ધરાવતી તમામ શિક્ષણ સંસ્થાઓ માટે વિશિષ્ટ ડોમેન રજિસ્ટ્રાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

➤ **ચીનએ પૃથ્વીની સપાટીમાં છિદ્ર ડ્રિલિંગ કરવા માટે વિશાળ જહાજ લોન્ચ કર્યુ**



ચીને પૃથ્વીના પોપડામાં માનવતાના પ્રથમ ડ્રિલિંગ માટે મેન્ગ્ઝિયાંગ નામનું વિશાળ સમુદ્ર ડ્રિલિંગ જહાજનું નિર્માણ કર્યુ છે. મહત્ત્વાકાંક્ષી મિશન આપણા ગ્રહની આંતરિક કામગીરી અને ઉત્ક્રાંતિ વિશેના સંકેતો શોધી શકે છે. સુપરસાઈઝ્ડ મેન્ગ્ઝિયાંગ નીચેની ક્ષમતાઓ સાથે સમુદ્ર સપાટીથી 11,000 મીટર નીચે ડ્રિલિંગ કરતી વખતે ગંભીર તોફાનોનો સામનો કરી શકે છે. તે લગભગ 7 કિ.મી. નીચે મોહોરોવિકિક ડિસકોન્ટિન્યુટી (મોહો)ને તોડવાનું લક્ષ્ય રાખે છે. તે સીમા પોપડાને આવરણથી અલગ કરે છે.

➤ **સાયબર અપહરણ**



તાજેતરમાં 'સાયબર અપહરણ'નો શિકાર બનેલો એક ચીની વિદ્યાર્થી ઉટાહના ગ્રામીણ વિસ્તારમાં સુરક્ષિત મળી આવ્યો હતો. સત્તાવાળાઓને જાણવા મળ્યું કે ચીનમાં તેના માતાપિતાએ તેને શોધી કાઢતા પહેલા જ મોટી ખંડણી ચૂકવી દીધી હતી. સાયબર અપહરણ એ એવા ગુનાનો ઉલ્લેખ કરે છે જ્યાં 'અપહરણકર્તાઓ' તેમના પીડિતોને છુપાઈ જવા માટે સમજાવે છે અને પછી ખંડણી માટે તેમના પ્રિયજનોનો સંપર્ક કરે છે. આ પ્રકારના અપહરણમાં પીડિતાનું અપહરણ કરવામાં આવતું નથી પરંતુ તેમને એવું માનવામાં આવે છે કે તેઓ જોખમમાં છે. અપહરણકર્તાઓ શારીરિક રીતે હાજર ન હોવા છતા, વીડિયો–કોલ પ્લેટફોર્મ દ્વારા પીડિતાને ઓનલાઈન મોનિટર કરે છે. તેઓ પીડિતા અથવા તેમના પરિવારને હિંસાથી ધમકી આપી શકે છે અથવા તેઓ અપહરણના નકલી પુરાવો બનાવી શકે છે, જેમ કે ફોટા અથવા વીડિયો.




1. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને _____ માં સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની બેઠક સંપન્ન થઈ છે. – ગાંધીનગર

2. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્ય સરકારના લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો ACBના અધિકારી–કર્મચારીઓની પ્રથમ ચિંતન શિબિરનો પ્રારંભ કયાં કરાવ્યો હતો ? – ગાંધીનગર

3. મુડીયેટ્ટુ એ _____ નું પરંપરાગત ધાર્મિક થિયેટર અને લોક નૃત્ય નાટક છે. જે દેવી કાલી અને રાક્ષસ દારિકા વચ્ચેના યુદ્ધની પૌરાણિક કથા દર્શાવે છે. – કેરળ

4. _____ એ 'ગોડ ઓફ કેઓસ' નામના એસ્ટરોઈડનું અન્વેષણ કરવા માટે એક અવકાશયાન ફરીથી લોન્ચ કર્યુ છે, જે 2029માં પૃથ્વીની ખૂબ નજીકથી ઉડાન ભરશે. – NASA

5. તાજેતરમાં અવસાન પામેલા વેદ પ્રકાશ નંદાનું પ્રાથમિક ક્ષેત્ર કયું હતું ? – આંતરરાષ્ટ્રીય કાયદો

6. અડોરા મેજિક સિટી કયા દેશનું પ્રથમ સ્વદેશી ક્રુઝ શિપ છે ? – ચીન

7. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ખારસવાન હત્યાકાંડ' (1 જાન્યુઆરી, 1948) કયા રાજ્યમાં બન્યો હતો ? – ઝારખંડ

8. તાજેતરમાં કયા દેશે ઈઝરાયેલ સામે નરસંહારનો આરોપ લગાવીને ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં કેસ દાખલ કર્યો છે ? – દક્ષિણ આફ્રિકા

9. ભારતીય નૌકાદળના નવા ચીફ ઓફ મટિરિયલ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – વાઈસ એડમિરલ કિરણ દેશમુખ

10. તાજેતરમાં ભારતીય નૌકાદળના કયા સમુદ્રી સંશોધન જહાજે સાગર મૈત્રી મિશન-4 પર ઓમાન માટે પ્રયાણ કર્યુ છે ? – INS સાગરધ્વની

11. પ્રજા પાલન ગેરંટી દારકસ્થુ કયા રાજ્ય સાથે સંબંધિત છે ? – તેલંગાણા

12. નોર્થ ઈસ્ટર્ન ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન (NEDFi)એ 5,300 નોર્થઈસ્ટ પ્રોજેક્ટ્સ માટે _____ કરોડથી વધુની મંજૂરી આપી. – રૂ. 750

13. તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રીશ્રીએ ઉત્તરપ્રદેશના વૃંદાવનમાં _____ સૈનિક શાળાનું ઉદ્ઘાટન કર્યુ હતું. – સંવિદ ગુરુકુલમ કન્યા સૈનિક શાળા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. ભારત સરકારના ખાણ મંત્રાલયે સરકારી માલિકીની મિનરલ વિદેશ ઈન્ડિયા લિમિટેડ (KABIL) દ્વારા પાંચ–વિષમ લિથિયમ બ્લોક્સના સંભવિત સંપાદન અને વિકાસ માટે _____ ના ખાણિક CAMYEN સાથે ડ્રાફ્ટ એક્સપ્લોરેશન અને ડેવલપમેન્ટ કરારમાં પ્રવેશ કર્યો છે. – આર્જેન્ટિના
15. છેલ્લા ચાર વર્ષમાં મૂડી ખર્ચ/રોકાણ માટે રાજ્યોને વિશેષ સહાયની યોજના હેઠળ કયા ભારતીય રાજ્યને સૌથી વધુ સહાય મળી છે ? – ઉત્તરપ્રદેશ
16. તાજેતરમાં કયા દેશે લોંગ માર્ચ-11 કેરિયર રોકેટ સફળતાપૂર્વક લોન્ચ કર્યુ છે ? – ચીન
17. તાજેતરની ચૂંટણી બાદ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોના પ્રમુખ તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા છે ? – ફેલિક્સ ત્શિસેકેડી
18. ઉઝબેકિસ્તાનના સમરકંદમાં આયોજિત 2023 વર્લ્ડ રેપિડ ચેસ ચેમ્પિયનશિપમાં મહિલા સિલ્વર મેડલ કોણે જીત્યો છે ? – કોનેરુ હમ્પી
19. ગૃહ મંત્રાલય હેઠળ ફાયર સર્વિસ, સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડના મહાનિર્દેશક તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – વિવેક શ્રીવાસ્તવ
20. ભારતીય તમાકુના ખેડૂતોને આબોહવા સંબંધિત પડકારોનો સામનો કરવા માટે કઈ બે કંપનીઓએ ITC સાથે ભાગીદારી કરી છે ? – માઈક્રોસોફ્ટ અને સ્કાયમેટ
21. ભારતમાં તબીબી ઉપકરણોની આયાતને સરળ બનાવવા માટે કઈ સંસ્થાએ 'નેશનલ સિંગલ વિન્ડો સિસ્ટમ' (NSWS) વિકસાવી છે. – TCS (ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ)
22. કઈ ભારતીય ઈલેક્ટ્રિક વાહન (EV) કંપની તાજેતરમાં સરકારની PLI યોજના માટે પાત્ર બની છે ? – ઓલા ઈલેક્ટ્રિક
23. ISCC-Plus પ્રમાણપત્ર મેળવનાર ભારતમાં પ્રથમ કઈ કંપની છે ? – રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ
24. કઈ ડિજિટલ પેમેન્ટ એપ્લિકેશને ઈ–કોમર્સ વ્યવહારો માટે RBI પાસેથી પેમેન્ટ એગ્રીગેટર (PA) લાયસન્સ મેળવ્યું છે ? – Tata Pay
25. ભારત સાથે ફ્રાન્સની AFD અને જર્મનીની KFW બેંક વચ્ચે 6 મિલિયન યુરો લોનની ચર્ચાનું કેન્દ્ર કયું મિશન છે ? – AMRUT
26. નેશનલ સ્ટ્રીટ ફૂડ ફેસ્ટિવલ 2023 કયાં સમાપ્ત થયો, જે ભારતમાં સૌપ્રથમ ઝીરો–વેસ્ટ સ્ટ્રીટ ફૂડ ફેસ્ટિવલને ચિહ્નિત કરે છે ? – નવી દિલ્હી
27. મૂર્તિ ટ્રસ્ટ અને CUPA વચ્ચેના સહયોગને પરિણામે પ્રાણી કલ્યાણને આગળ વધારવાના હેતુથી બેંગ્લોરમાં અત્યાધુનિક સમુદાય બિલાડી નસબંધી કેન્દ્રનું નામ શું છે ? – મૈત્રી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

28. પાકિસ્તાન કયા દેશ પાસેથી J-31 સ્ટીલ્થ ફાઈટર પ્લેન ખરીદશે ? – ચીન

29. સરકારના વિકસિત ભારત અભિયાન પહેલ માટે કયા પ્રેરક વક્તા અને NGOના સ્થાપકને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ? – અમિતાભ શાહ

30. તાજેતરમાં કઈ કંપનીએ ડ્રોનનો ઉપયોગ કરીને ભારતના પ્રથમ PRT મેટ્રો કોરિડોરનું સર્વેક્ષણ કરવાનો કોન્ટ્રાક્ટ મેળવ્યો છે ? – IG Drones

31. પશ્ચિમ બંગાળ સરકાર કઈ નદીના કિનારે ટી પાર્ક વિકસાવવાની યોજના ધરાવે છે ? – હુગલી

32. તાજેતરમાં આદિ કેકીર, વાંચો હસ્તકલા અને ચાંગલાંગ કાપડને GI ટેગ મળ્યો છે. તે કયા રાજ્ય સાથે સંકાયેલ છે ? – અરૂણાચલ પ્રદેશ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



GPSC Class 1/2, S.T.I., PI, Dy.S.O., નાયબ મામલતદાર, ચીફ ઓફિસર, PSI-ASI-કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, વનરક્ષક, FHW-MPHW, તલાટી, જુ.ક્લાર્ક, TET-TAT તથા ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓની સર્વશ્રેષ્ઠ તૈયારી કરવા તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓના અનુભવી વિષય નિષ્ણાત ફેકલ્ટીની ટીમ પાસે સર્વશ્રેષ્ઠ અભ્યાસ કરવા માટે...

# સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટે અત્યારે જ

Google Play પરથી iceonline DOWNLOAD કરો

OR

QR કોડ સ્કેન કરો

FREE

E-Books

Daily Weekly & Final Mock Test

LECTURE PDF

READING SCHEDULE

HIGH SCORING STRATEGY




LIVE + RECORDED BATCH

- સ્પર્ધાત્મક પરીક્ષામાં આપની સફળતા સુનિશ્ચિત કરવા માટે તમામ વિષયોનો 360° અભ્યાસ
- સ્પર્ધાત્મક પરીક્ષાનો વિશેષ અનુભવ ધરાવતી વિષય નિષ્ણાત ફેકલ્ટીઓની ટીમ દ્વારા દરેક વિષયોનો ટુ ધી પોઈન્ટ અભ્યાસ
- નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લેતા અદ્યતન માહિતી સાથેના લેટેસ્ટ વીડિયો લેક્ચર
- સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
- તમામ વિષયોનો ટોપિક વાઈઝ ઊંડાણપૂર્વક અભ્યાસ કરાવતા વીડિયો લેક્ચર

**રાજકોટ 93757 01110**

Head Office : ICE, બીજો માળ, સદગુરુ કોમ્પલેક્ષ, સ્વામિનારાયણ મંદિર પાસે, કાલાવડ રોડ, રાજકોટ

**ગાંધીનગર 81406 01110**

218, B-Block, અટારીયા સરગાસણ ક્રોસ રોડ, ગાંધીનગર.

**જૂનાગઢ 76985 01110**

પેરી પ્લાઝા કોમ્પ્લેક્સ, અલકાપુરી સોસાયટી પાસે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ.

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT